**સુવિચાર**

''એક સારૂ પુસ્તક માણસને પસ્તી બનતા રોકી શકે છે.''

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૬/૦૧/૨૦૨૬, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com


# અમરેલી એક્સપ્રેસ


જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૨ પોષ વદ-૧૩ વર્ષ : ૧૭ અંક : ૦૨૯










## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં પૂર્વ કુલપતિએ જિલ્લા વિધાસભાનાં પ્રવાસ કાર્યક્રમમાં કારસ્તાન કર્યુ

# વિધાસભાનાં તત્કાલીન નિયામક ગીરીશ ભીમાણીનું મોં કાળુ કરાયુ

**રાજકોટ ખાતે એનએસયુઆઈનાં આગેવાનોએ તત્કાલીન કુલપતિનાં પુતળાનું દહન કર્યુ**

**પુતળા દહનથી સંતોષ ન થતાં અંતે પૂર્વ કુલપતિનું મોં કાળુ કરવામાં આવ્યુ**

**શિક્ષણ જેવા પવિત્ર ક્ષેત્રને કલંકિત કરનાર સામે હજુ સુધી કાયદેસર કોઈ કાર્યવાહી થઈ નથી**

**જિલ્લા વિદ્યાસભા ગજેરા કેમ્પસમાંથી માત્ર હકાલપટ્ટી કરીને સંતોષ વ્યક્ત કરાતા આશ્ચર્ય**








અમરેલી, તા. ૧૫
સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં પૂર્વ કુલપતિ અને અમરેલી જિલ્લા વિદ્યાસભા–ગજેરા કેમ્પસનાં તત્કાલિન નિયામક ડો. ગીરીશ ભીમાણીનાં પુતળાનું દહન અને તેમનું મોં કાળુ કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ એનએસયુઆઈ ધ્વારા રાજકોટ ખાતે કરવામાં આવતાં સમગ્ર સૌરાષ્ટ્રનાં શિક્ષણ જગતમાં ભારે ચકચાર મચી હતી.

અમરેલી જિલ્લા વિદ્યાસભા–ગજેરા કેમ્પસની વિદ્યાર્થીનીઓ માઉન્ટ આબુ પ્રવાસ માટે ગયેલ ત્યારે સંસ્થાનાં નિયામક ડો. ગીરીશ ભીમાણી ત્યાં પાછળથી પહોંચીને જે બિભત્સ વર્તન કર્યુ તે ઘટના બાદ જિલ્લા વિદ્યાસભા–ગજેરા કેમ્પસનાં ટ્રસ્ટીઓએ તેમની સંસ્થાનાં નિયામકને જવાબદારીમાંથી મુકત કરી દીધા. જો કે સંસ્થા ધ્વારા કોઈ કાનૂની કાર્યવાહી કરવામાં ન આવતા ભારે આશ્ચર્ય ફેલાયુ છે.

સંસ્થાનાં ટ્રસ્ટીઓએ નિયામક જેવી મહત્વની જવાબદારી જે વ્યકિતને સોંપી ત્યારે તેઓનાં ભૂતકાળ


**અનુસંધાન પાના ૬ ઉપર**


## સાવરકુંડલાના દાધિયા ગામે રહેતી પરિણીત મહિલાએ ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડી

અમરેલી, તા. ૧૫
સાવરકુંડલા તાલુકાના દાધિયા ગામે રહેતાં મનિષાબેન નીતેશભાઈ ચારોલીયા નામની ૨૨ વર્ષીય પરિણીતાના પતિનો મોબાઈલ


**અનુસંધાન પાના ૬ ઉપર**

















### રેલી સ્વરૂપે અને સુત્રોચ્ચાર સાથે

# દામનગર ખાતે કોળી સમાજે બગદાણાની ઘટના અંગે ન્યાય આપવા માંગ કરી

### કોળી સમાજનાં નવનીતભાઈને ન્યાય આપવા માંગ



અમરેલી, તા.૧૫

મહુવાના બગદાણા ગામે થોડા દિવસ પહેલા કોળી સમાજના અગ્રણી નવનીતભાઈ ઉપર થયેલ હુમલાનાં ઘેરા પ્રત્યાઘાતો સમગ્ર સૌરાષ્ટ્રમાં પડેલ છે. અને ઠેર–ઠેર રેલી. આવેદનપત્ર પાઠવવામાં આવી રહ્યાં છે.

જે અંતર્ગત દામનગર ખાતે આજે કોળી સમાજે સુત્રોચ્ચાર સાથે રેલી કાઢી સક્ષમ અધિકારીને આવેદનપત્ર પાઠવી ન્યાય આપવા માંગ કરેલ છે.

### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'સૌનો સાથ, સૌનો વિકાસ''ના મંત્ર સાથે

# બાબરામાં ''વિકાસનો પતંગ હવે આકાશને આંબી રહ્યો છે, તેને કોઈ કાપી શકશે નહીં''

### પાલિકા પ્રમુખે પરિવાર સાથે પતંગોત્સવની ઉજવણી કરી

બાબરા, તા. ૧૫

મકરસંક્રાંતિના પવિત્ર પર્વ નિમિત્તે સમગ્ર રાજયમાં ઉત્સાહનો માહોલ છે, ત્યારે બાબરા નગરપાલિકાના પ્રમુખ પ્રવીણભાઈ કરકર દ્વારા તેમના પરિવાર સાથે આ પર્વની હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ તકે તેમણે બાબરા શહેરના પ્રજાજનોને તહેવારની હાર્દિક શુભેચ્છાઓ પાઠવતા શહેરના વિકાસ અંગે મહત્વનું નિવેદન આપ્યું હતું.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

પરિવાર સાથે પેચ લડાવ્યા અને શુભેચ્છાઓ પાઠવી નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર આજે ઉત્તરાયણના પર્વે પોતાના પત્ની, બાળકો અને પરિવારના સભ્યો સાથે અગાશી પર પતંગ ચગાવતા જોવા મળ્યા હતા. તહેવારની મોજ માણતા તેમણે જણાવ્યું હતું કે, જે રીતે આજના દિવસે આકાશમાં પતંગો ઉંચી ઉડી રહી છે, તેવી જ રીતે બાબરા શહેરમાં પણ 'વિકાસનો પતંગ' આકાશને આંબી રહ્યો છે અને આ વિકાસની ગતિને હવે કોઈ કાપી શકશે નહીં.

નેતૃત્વ અને સાથ–સહકારનો આભાર તેમણે વધુમાં ઉમેર્યુ હતું કે, ''દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ''સૌનો સાથ, સૌનો વિકાસ''ના મંત્રને અનુસરીને બાબરા નગરપાલિકા સતત કાર્યરત છે. ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા અને ઉર્જામંત્રી કૌશિકભાઈ વેકરિયાના પૂરતા સાથ–સહકાર અને માર્ગદર્શનને કારણે શહેરમાં સુવિધાઓનો વ્યાપ વધ્યો છે.''

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ગૃહ રાજયમંત્રી હર્ષભાઈ સંઘવી દ્વારા શહેરના નાગરિકોની સુખાકારી માટે પૂરતી ગ્રાન્ટ અને પ્રોત્સાહન મળી રહ્યું છે. નગરપાલિકાના તમામ સભ્યોના એક જુથ સહકારથી આજે બાબરા શહેર વિકાસની નવી હરફાળ ભરી રહ્યું છે. પ્રમુખે વિાસ વ્યકત કર્યો હતો કે આગામી સમયમાં બાબરા એક આદર્શ

### કાપ્યો છે ના નારા સાથે યુવા કાર્યક્રરો સહિત સૌ કોઈની ઉપસ્થિતિમાં

# અમરેલી ખાતે મકરસંક્રાંતિ પર્વે ઊર્જા રાજયમંત્રી કૌશિક વેકરીયા અને સાંસદ ભરત સુતરીયાએ પતંગોત્સવની કરી ઉજવણી

### કાર્યક્રરો અને નેતાઓ વચ્ચે આત્મીય સંબંધો દર્શાવતો પ્રસંગ બન્યો



અમરેલી, તા. ૧૫

ગઈકાલે સમગ્ર ગુજરાત રાજયમાં ઉત્તરાયણ પર્વની પરંપરાગત ઉજવણી ચાલી રહી હતી. ત્યારે આ પાવન પર્વ નિમિત્તે અમરેલીમાં રાજય કક્ષાના ઊર્જા અને કાયદા વિભાગના મંત્રી કૌશિક વેકરીયા અને અમરેલી લોકસભાના સાંસદ ભરત સુતરીયાએ ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો અને નાગરિકો સાથે અમરેલીમાં પતંગ ઉત્સવની ઉજવણી કરી હતી.

સામાન્ય રીતે રાજકીય આગેવાનો પરિવારજનો સાથે ઉત્તરાયણ ઉજવતા હોય છે, ત્યારે મંત્રી તથા સાંસદએ સામાન્ય કાર્યકરની જેમ ધાબા પર ચઢી પતંગ ઉઠાવી હતી. તેમની આ સાદગીભરી અને લોકસંપર્ક સભર ઉજવણી કરાતાં કાર્યકરોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ પતંગ ઉત્સવ દરમિયાન 'કાઈ પો છે' ના નારાથી વાતાવરણ આનંદમય બની ગયું હતું. આ પ્રસંગે લોકસભાના સાંસદએ જણાવ્યું હતુ કે, આજે માત્ર પતંગ નહીં, પરંતુ વિકાસની પતંગ આકાશમાં ઉડી રહી છે. ગુજરાત અને દેશ વિકાસના નવા આયામો સર કરી રહ્યા છે. તેમણે તમામ નાગરિકોને પર્યાવરણને નુકસાન ન થાય તે રીતે સુરક્ષિત પતંગ ઉડાવવાની અપીલ પણ કરી હતી.

રાજય સરકારના મંત્રીએ વધુમાં કહ્યું કે, ઉત્તરાયણ પર્વ લોકો પરિવાર અને ભાઈબંધો સાથે ઉજવે છે. રાજય અને દેશમાં વિકાસના કાર્યો છે. તેમણે સોમનાથના ઈતિહાસનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, વડાપ્રધાને વિશ્વને સંદેશ આપ્યો છે. આજના દિવસે વિકાસના કાર્યો થતા રહે તે માટે સોમનાથ દાદાને પ્રાર્થના છે.

આ કાર્યક્રમમાં નગરપાલિકાના હોદ્દેદારો, ભાજપના વિવિધ મોરચાના પદાધિકારીઓ, કાર્યકરો તેમજ મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આ પતંગ ઉત્સવ માત્ર તહેવારની ઉજવણી પૂરતો સીમિત ન રહેતા, કાર્યકરો અને નેતાઓ વચ્ચેના આત્મીયસંબંધો તેમજ સંગઠનની એકતા દર્શાવતો યાદગાર પ્રસંગ બની ગયો હતો.

# અમરેલી પોલીસનાં ''રઘુવીર'' નામનાં ઘોડાનુ મુત્યુ થયુ

અમરેલી, તા. ૧૫

અમરેલી પોલીસના માઉન્ટેડ વિભાગનો સરકારી રઘુવીર નામનો ઘોડો આશરે ૨૫ વર્ષનો હોય અને છેલ્લા બે દિવસથી ખાવા–પીવાનું બંધ કરી દીધેલ હતું. અને તેની સારવાર શરૂ હોય અને ગત તા.૧૪ ના સવારે ૫/૩૦ વાગ્યે પહેલા કોઈપણ સમયે અમરેલી પોલીસ હેડ કવાટર્સ માઉન્ટેડ ખાતે રઘુવીર નામનો ઘોડોનું મૃત્યુ થયાનું અમરેલી સીટી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### હસનભાઈ ઉંમરભાઈ બ્લોચ નામના બાકીદારને

# અમરેલી નાગરિક સહકારી બેન્કનાં ચેક રીટર્ન કેસમાં એક વર્ષની સજા

### પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રાનાં માર્ગદર્શનતળે કોર્ટમાં અરજી થઈ હતી

અમરેલી, તા. ૧૫

અમરેલી બેંકમાંથી ચેક રીર્ટન થવાના કિસ્સાઓમાં આકરી સજા મળે અને ચેક રીર્ટનના બનાવો અટકે તેવી પ્રતિબધ્ધતા સાથે નાગરિક સહકારી બેંક આગળ વધી રહી છે. અમરેલીનાં હસનભાઈ હસનભાઈ ઉંમરભાઈ બ્લોચે રે.મીની કસ્બા,ગેસ ગોડાઉન પાસે, તારવાડી રોડ બેંકની કાયદેસરની રકમ બાકી હોય જે પેટે તેઓએ તેમના ખાતાનો ચેક આપતા તે ચેક તેમના ખાતામાં અપુરતુ ફંડ હોવાના કારણે ચેક રીર્ટન થતા કાયદાકીય જોગવાઈ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવાનો બેંકનો અધિકાર હોય અને અગાઉ પણ આ દિશામાં કડક પગલા ભરતા નાગરિક સહકારી બેંકે બાકીદારો સામે ચેક રીર્ટનના કિસ્સામાં કાર્યવાહી કરી હતી ત્યારે વધુ એક વખત નાગરિક સહકારી બેંકના દિર્ઘદ્રષ્ટા પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રાના માર્ગદર્શન હેઠળ બેંકના રીકવરી ઓફીસર અજયભાઈ નાકરાણીએ હસનભાઈ ઉમરભાઈ બ્લોચ વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ હેઠળ કેસ દાખલ કર્યો હતો આ કાયદા હેઠળ થતા આર્થિક અનિયમિતતાના બનાવો અટકાવવા અને પ્રત્યેક ગ્રાહકને સુરક્ષિત રાખવાના મુદે બેંકે કડક કાર્યવાહી કરી હતી. આ કેસમાં અમરેલીના મહે. એડીશનલ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટ દ્વારા ચુકાદો સંભળાવતા ચેકની રકમ રૂા.૧૩,૩૦,૦૦૦/– નો તા.૧૩/૦૧/૨૦૨૬ના રોજ હુકમ કરેલ છે. જેમાં બેંકના વકીલ તરીકે સંજયભાઈ ડી. ચાવડા અને અજયભાઈ જે રાઠોડ રોકાયેલ હતા. તેમજ બેંકના બાકીદારોમાં ફફડાટ વ્યાપી જવા પામેલ છે. તેવુ બેંક એમ.ડી.(સી.ઈ.ઓ.) દિલીપભાઈ ધોરાજીયા તેમજ મેનેજર સંજયભાઈ રાજપરાની યાદીમાં જણાવ્યુ છે.

# અમરેલી સેશન્સ કોર્ટ દ્વારા ખુનની કોશિષના ચકચારી કેસમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો

અમરેલી, તા. ૧૫


અમરેલીના હીરાનગર વિસ્તારમાં વર્ષ ૨૦૧૯માં થયેલા હુમલા અને ખૂનની કોશિશ (કલમ–૩૦૭,૩૨૫)ના ગંભીર ગુનામાં અમરેલીના સેશન્સ જજ દ્વારા મહત્વનો ચુકાદો આપતા તમામ આરોપીઓને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો છે.

નવેમ્બર–૨૦૧૯માં ફરિયાદી ઉપર આરોપી દ્વારા પાન–માવો ખાવા ઉભા રહેવા જેવી સામાન્ય બબતે ગુપ્તી, છરી વડે હુમલો થયો હતો. જેમાં ફરિયાદીને ગંભીર ઈજાઓ પહોંચતા ચાર શખ્સો સામે અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. જયારે બચાવપક્ષે વિ.વકીલએ એવી દલીલો કરેલ છે કે, ફરિયાદીનો પુરાવો વિશ્વસનીય નથી તથા અન્ય સાહેદોએ અન્ય સાહેદોએ ફરિયાદપક્ષન કેસને સમર્થન કરેલ નથી. ફરિયાદપક્ષે રજુ થયેલ પંચનામાના પંચો પણ વિમુખ જાહેર થયેલ હોય કોઈ પંચનામું ફરિયાદપક્ષે પુરવાર થયેલ નથી અને આરોપીઓની ગુનાહીત કૃત્યમાં સંડોવણી હોવા અંગે પ્રત્યક્ષા કે પરોક્ષ કોઈ પુરાવો રજુ થતો નથી. ફરિયાદીએ તેમની ફરિયાદ હકિકત તથા સરતપાસમાં વિરોધાભાષી હકિકતો જણાયેલ છે. તેમજ ફરિયાદીએ તેમની ફરિયાદ હકિકતમાં તેમજ તેમની સરતપાસમાં જે હકિકત જણાવેલ છે. તેવી કોઈ હકિકતોને કોઈપણ સ્વતંત્ર સાહેદોએ લેશમાત્ર સમર્થન કરેલ નથી. તેમજ ફરિયાદપક્ષના કહેવા મુજબના બનાવ નજરે જોનાર સાહેદોએ તેમના પુરાવામાં ફરિયાદપક્ષના કેસને કે સી.આર.પી.સી.કલમ ૧૬૪ ના નિવેદનોને પણ લેશમાત્ર સમર્થન કરેલ નથી. તથા ફરિયાદપક્ષે રજુ થયેલ મેડીકલ પુરાવામાં પણ વિરોધાભાષી હકિકતો રેકર્ડ ઉપર આવેલ છે. તથા આઈ.ઓ.એ મુદ્દામાલ પૃથ્થકરણનો અહેવાલ રજુ કરેલ નથી. તેમજ આરોપીઓની ગુનામાં સંડોવણી હોવા બાબતેનાં મોબાઈલના કોલ ડિટેઈલ મેળવીને રજુ કરેલ નથી. તેમજ ફરિયાદપક્ષના કહેવ મુજબના બનાવ સ્થળ વાળી પાનની દુકાનનાં માલીકનું નિદેવન લીધેલ નથી કે તેમને તપાસેલ પણ નથી. જેથી ફરિયાદપક્ષના કહેવા મુજબનો ખરેખર બનાવ બનેલ છે કે કેમ તે શંકા ઉપજાવે છે. જેમાં આરોપી સંજય રાજુગીરી સુખડ વિગેરેને શંકાનો લભ આપી તમામ કલમોમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવનો હુકમ સેશન્સ જજ દ્વારા કરવામાં આવેલ, આરોપી પક્ષે સિનિયર વકીલ આર.એસ. ખીમસુરિયા રોકાયેલ હતા.

# લીલીયા મોટા : બેન્કની લોન કેસમાં બે વર્ષની સજાનો નાસતો ફરતો આરોપી ઝડપાયો

અમરેલી, તા. ૧૫

અમરેલી એસ.પી. સંજય ખરાતની સૂચના તેમજ ડી.વાય.એસ.પી. ચિરાગ દેસાઈ દ્વારા આપેલ માર્ગદર્શન મુજબ લીલીયા પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.ડી. સાળુકની સૂચના મુજબ લીલીયા પોલીસ સ્ટેશનના ટાઉન બીટ ઈન્ચાર્જ ગૌતમભાઈ વલકુભાઈ ખુમાણ અના હેડ કોન્સ તથા પો.કોન્સ સંજયભાઈ જીવરાજભાઈ ઈટાળીયાનાઓએ લીલીયા નામદાર મેજીસ્ટ્રેટ ફ.ક કોર્ટના ફોજદારી કેસ નં–૩૯/૨૦૨૫ ના કામના આરોપી અજયભાઈ, સુરેશભાઈ ડાભી રહે. લીલીયા મોટા, વેલનાથપરા વાળાને લીલીયા મોટા ખાતે આવેલ બેન્કની લોન લઈ નાણા ન ભરતા નામદાર લીલીયા કોર્ટ દ્વારા બે વર્ષની સજા પડેલ હોય જે સજાના કામે મજકુર આરોપી પોતાની ધરપકડ ટાળવા સારૂ સુરત, અમરેલી જુદા–જુદા જીલ્લાઓમાં નાસતો–ફરતો હોય જેને ચોક્કસ



બાતમીના આધારે લીલીયા ખાતેથી પકડી પાડી નામદાર લીલીયા કોર્ટના હુકમ આધારે બારોબાર અમરેલી જીલ્લા જેલ ખાતે કેદમાં રહેવા સોંપી આપેલ છે આમ, આ સમગ્ર કામગીરીમાં લીલીયા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એમ.ડી. સાળુંકેની સુચના મુજબ લીલીયા પોલીસ સ્ટેશનના ટાઉન બીટ ઈન્ચાર્જ ગૌતમભાઈ વલકુભાઈ ખુમાણ અના હેડ કોન્સ તથા પો.કોન્સ સંજયભાઈ જીવરાજભાઈ ઈટાળીયા વિ. સ્ટાફના માણસો આ કામગીરીમા જોડાયા હતા.

### એડીશ્નલ સેશન્સ કોર્ટમાં કેસ ચાલી જતા

# અમરેલીમાં ટ્રેકટર હડફેટે આવી જવાથી મોતને ભેટેલનાં પરિવારજનોને 30 લાખ વળતર ચુકવવા આદેશ

### એડવોકેટ એ.એસ. ત્રવાડીની દલીલો સફળ રહી

અમરેલી, તા. ૧૫

અમરેલી ડ્રાઈવીંગ લાયસન્સ વગર અરજદારને રૂા. ૩૦ લાખ વ્યાજ સાથે વળતર યુવા એડવોકેટ એ.એસ. ત્રવાડીની દલીલોનાં આધારે મંજુર થયેલ છે.

વિગત એવા પ્રકારની છે કે, ગુજ. ભાવેશભાઈ જીતેશભાઈ તેના હવાલાવાળુ મોટર સાયકલ લઈને જતા હતા ત્યારે ટ્રેકટર નં. જી.જે.–૧૪ બી.ડી.–૦૨૩૬ના ચાલકે પુરઝડપે બેદરકારીપૂર્વક ચલાવી ગંભીર અકસ્માત સર્જતા મોટર સાયકલ ચાલક ગુજરનાર ભાવેશભાઈનું કમકમાટી ભર્યુ મૃત્યુ થયેલ હતું.

જે અંગે અકસ્માત વળતર અરજમાં સદર ટ્રેકટર ચાલક પાસે ડ્રાઈવીંગ લાયસન્સ ન હોય વિમા કંપની દ્વારા અનેક વાંધા રજુઆત તથા દલીલો કરવામાં આવેલ કે ટ્રેકટર ડ્રાઈવર પાસે



વાહન ચલાવવાનું લાયસન્સ ન હોય તો વિમા પોલીસી કંડીશનનો ભંગ થયેલ હોય તો માલીક સામે વળતર ચુકવવાનો હુકમ થાય. વિમા કંપનીની વળતર ચુકવવાની જવાબદારી થતી નથી. તેમ વિમા કંપનીને ડીલીટ કરવાની રજુઆત કરેલ.

આ વળતર અરજમાં અરજદાર પક્ષ તરફથી અકસ્માતમાં વળતરના નિષ્ણાંત એડવોકેટ એન.એસ. ત્રવાડી રોકાયેલા હતા અને સહાયત તથા પ્રોકસી એડવોકેટ તરીકે યુવા એડવોકેટ એ.એસ. ત્રવાડીએ કોર્ટમાં અસરકારક, તર્ક સહાર અને કાનુની રીતે મજબુત થર્ડ પાર્ટી હોય, વિમા કંપનીએ થર્ડ પાર્ટીનું પ્રિમીયમ લીધેલ હોય જેથી સુપ્રિમ કોર્ટ તથા ગુજરાત હાઈકોર્ટના લેટેસ્ટ ચુકાદાઓ રજુ કરી યુવા એડવોકેટે થર્ડ પાર્ટી અંગે ધારદાર દલીલો કોર્ટ સમક્ષ કરી તથા પુરાવા રજુ કરેલા હતા.

એડી સેશન્સ જજ શ્રી વાસ્તવનો આ ચુકાદામાં અભિગમ રહ્યો છે કે, મૃત વ્યકિતના પરિવારજનોને જેટલું બને તેટલું વહેલું વળતર મળે તેમજ કાયદાની તમામ પ્રક્રિયા તથા ચુકાદાઓ ધ્યાનેલઈ તા. ૧૩/૧/૨૬ના રોજ મૃતકના પરિવારજનોને રૂા. ૩૦ લાખ વ્યાજ સાથે ચુકવવાનો હુકમ ફરમાવેલ છે.

### ED અધિકારીઓ વિરુદ્ધ FIR પર રોક

# I-PAC રેડ મામલે મમતા સરકારને ઝટકો : સુપ્રીમ કોર્ટે ફટકારી નોટિસ

## સુપ્રીમે પશ્ચિમ બંગાળ સરકાર પાસેથી બે અઠવાડિયામાં જવાબ માંગ્યો : કોર્ટે સ્પષ્ટપણે કહ્યું કે, કેન્દ્રીય એજન્સીની તપાસમાં કોઈ દખલ કરી શકાય નહીં

નવી દિલ્હી, તા.૧૫

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં ગત દિવસોમાં આઈ-પેક (I-PAC)ની ઓફિસ પર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા પાડવામાં આવેલા દરોડાનો મામલો હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. ED એ બંગાળ પોલીસના અધિકારીઓ પર મમતા સરકારને મદદ કરવાનો અને તપાસમાં અવરોધ ઊભો કરવાનો ગંભીર આરોપ લગાવતી અરજી દાખલ કરી હતી. આ મામલે સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે ED અધિકારીઓ વિરુદ્ધ દાખલ થયેલી ફરિયાદ પર આગામી સુનાવણી સુધી પ્રતિબંધ મૂકતા નોટિસ જારી કરી છે અને પશ્ચિમ બંગાળ સરકાર પાસેથી બે અઠવાડિયામાં જવાબ માંગ્યો છે. કોર્ટે સ્પષ્ટપણે કહ્યું કે, કેન્દ્રીય એજન્સીની તપાસમાં કોઈ દખલ કરી શકાય નહીં.

સુપ્રીમ કોર્ટનો મહત્વનો આદેશ જસ્ટિસ પી.કે. મિશ્રાએ આદેશ આપ્યો કે, ઈડી અધિકારીઓ વિરુદ્ધ દાખલ થયેલી પોલીસ ફરિયાદ પરની કાર્યવાહી આગામી સુનાવણી સુધી સ્થગિત રહેશે. આ ઉપરાંત, કોર્ટે નિર્દેશ આપ્યો છે કે પ્રતિવાદી પક્ષ સીસીટીવી ફૂટેજ, સર્ચનું રેકોર્ડિંગ અને અન્ય સ્ટોરેજ ડિવાઈસને સુરક્ષિત રાખે. સીનિયર એડવોકેટ અભિષેક મનુ સિંઘવીએ અપીલ કરી હતી કે તપાસ કોઈ પણ પ્રકારના દબાણ વગર આગળ વધવી જોઈએ.

EDના મમતા સરકાર પર ગંભીર આક્ષેપો સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ઈડી તરફથી દલીલ કરતા કોર્ટમાં ચોંકાવનારો દાવો કર્યો કે, મુખ્યમંત્રી મમતા બેનર્જીએ રાજ્ય પોલીસની મદદથી તપાસ દરમિયાન કેટલાક મહત્વપૂર્ણ પુરાવાઓની ચોરી કરી છે. ઈડીનો આરોપ છે કે : દરોડા દરમિયાન મુખ્યમંત્રી પોતે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તપાસ અધિકારીઓના લેપટોપ, મોબાઈલ ફોન અને મહત્વના દસ્તાવેજો છીનવી લીધા હતા. એક અધિકારીનો અંગત ફોન પણ લઈ લેવામાં આવ્યો હતો.આ ઘટનાને પગલે EDએ પશ્ચિમ બંગાળના ડીજીપી રાજીવ કુમાર અને કોલકાતા પોલીસ કમિશનર મનોજ કુમાર વર્માને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાની અને તેમની વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવાની માંગ કરી છે. સુપ્રીમ કોર્ટ બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, આ અરજી કેન્દ્રીય એજન્સીઓની તપાસ અને રાજ્યના અધિકારીઓ દ્વારા થતી કથિત દખલગીરી અંગે ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. બેન્ચે અવલોકન કર્યું કે, કોઈ પણ રાજ્યની સુરક્ષાની આડમાં ગુનેગારો બચી જવા જોઈએ નહીં અને દરેક એજન્સીને સ્વતંત્ર રીતે કામ કરવાની આઝાદી મળવી જોઈએ.

કોર્ટે વધુમાં ઉમેર્યું કે, "કોઈ પણ એજન્સીને ચૂંટણીના કાર્યમાં દખલ કરવાનો અધિકાર નથી, પરંતુ જ્યારે કોઈ કેન્દ્રીય એજન્સી ગંભીર ગુનાની તપાસ પૂરી પ્રામાણિકતાથી કરી રહી હોય, ત્યારે કોઈ પક્ષ કે સરકાર તેની કામગીરીમાં અવરોધ બની શકે નહીં." કોર્ટે આ મામલે ત્રણ દિવસમાં જવાબ દાખલ કરવા નિર્દેશ આપ્યો છે.

### કોંગ્રેસ માટે બિહારથી ચિંતાજનક અહેવાલ

# કોંગ્રેસના તમામ ૬ ધારાસભ્યો જેડીયુમાં જોડાય તેવી શક્યતા

## કોંગ્રેસના તમામ ૬ ધારાસભ્યો નીતિશ કુમારના સંપર્કમાં

પટણા, તા.૧૫

બિહારના રાજકારણમાં ફરી એકવાર મોટા પાયે પક્ષપલટાના સંકેતો મળી રહ્યા છે, જેના કારણે રાજ્યનું રાજકીય સમીકરણ સંપૂર્ણપણે બદલાઈ શકે તેમ છે. ચર્ચા છે કે કોંગ્રેસના તમામ ૬ ધારાસભ્યો ટૂંક સમયમાં જ મુખ્યમંત્રી નીતિશ કુમારની પાર્ટી જનતા દળ(યુનાઈટેડ)માં જોડાઈ શકે છે. જો આવું થશે, તો ૨૪૩ સભ્યોની બિહાર વિધાનસભામાં કોંગ્રેસનું અસ્તિત્વ શૂન્ય થઈ જશે. રિપોર્ટ્સ અનુસાર, આ ધારાસભ્યો પક્ષની કામગીરીથી નારાજ છે અને તાજેતરમાં કોંગ્રેસ દ્વારા આયોજિત મહત્ત્વની બેઠકો અને કાર્યક્રમોથી પણ તેઓએ અંતર જાળવી રાખ્યું હતું, જે તેમના પક્ષ છોડવાના મજબૂત પુરાવા માનવામાં આવે છે. જો કોંગ્રેસના આ ૬ ધારાસભ્યો જેડીયુમાં જોડાશે, તો નીતિશ કુમારની પાર્ટી ૯૧ ધારાસભ્યો સાથે વિધાનસભામાં સૌથી મોટી પાર્ટી બની જશે અને ભાજપને પાછળ છોડી દેશે. હાલમાં ૮૯ બેઠકો સાથે ભાજપ પ્રથમ ક્રમે છે. જોકે, ભાજપ પણ પોતાનું વર્ચસ્વ જાળવી રાખવા માટે સક્રિય છે. સમાચાર છે કે ભાજપ ઉપેન્દ્ર કુશવાહાની પાર્ટી રાષ્ટ્રીય લોક મોરચા (RLM)ના અસંતુષ્ટ ધારાસભ્યો પર નજર રાખી રહ્યું છે. ઈન્સના ૪ માંથી ૩ ધારાસભ્યો ભાજપના સંપર્કમાં હોવાનું કહેવાય છે, કારણ કે તેઓ કુશવાહા દ્વારા તેમના પુત્રને કેબિનેટ મંત્રી બનાવવાના નિર્ણયથી નારાજ છે.બીજી તરફ, બિહારના રાજકારણમાં અન્ય એક મહત્ત્વની હલચલ ઘર વાપસીને લઈને જોવા મળી રહી છે. જેડીયુના પૂર્વ દિગ્ગજ નેતા આરસીપી સિંહ, જેઓ નીતિશ કુમારથી અલગ થઈને પ્રશાંત કિશોરની જન સુરાજમાં જોડાયા હતા, તેઓ ફરીથી જેડીયુમાં પરત ફરે તેવી શક્યતા છે. તાજેતરમાં એક કાર્યક્રમમાં નીતિશ કુમાર અને આરસીપી સિંહની સાથે હાજરીએ આ અટકળોને વેગ આપ્યો છે. આમ, આગામી દિવસોમાં બિહારના સત્તાધારી ગઠબંધનમાં નંબર ગેમ અને પદ માટે મોટી ખેંચતાણ જોવા મળી શકે છે.

### ભારતની લોકશાહી સામે સવાલ ઉઠાવનારાઓને મોદીનો જવાબ!

# ભારતની લોકશાહી તેની સ્થિરતા, વિકાસ અને વૈશ્વિક માન્યતાનું સૌથી મોટું કારણ છે

## મોદીએ કહ્યું કે આ પરિષદ જ્યાં યોજાઈ રહી છે તે સેન્ટ્રલ હોલ ભારતની લોકશાહી યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ રહ્યો છે

નવી દિલ્હી, તા.૧૫

દેશની રાજધાની દિલ્હીના બંધારણ ભવનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતની લોકશાહીની શક્તિનું ચિત્ર દોર્યું જે આપણને તેના ભૂતકાળના ઈતિહાસની યાદ અપાવે છે, પરંતુ ભવિષ્ય માટે સ્પષ્ટ દિશા પણ નક્કી કરે છે. કોમનવેલ્થ દેશોના સ્પીકર્સ અને પ્રમુખ અધિકારીઓ સમક્ષ પીએમ મોદીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે ભારતની લોકશાહી યાત્રા પર એક સમયે શંકા હતી. પરંતુ આજે, તે જ લોકશાહી ભારતની સૌથી મોટી તાકાત બની ગઈ છે. આ જ કારણ છે કે ભારત માત્ર સ્થિર જ નહીં પણ ઝડપથી પ્રગતિ પણ કરી રહ્યું છે.વડાપ્રધાનનો સંદેશ ફક્ત ભાષણ પૂરતો મર્યાદિત નહોતો. જે સેન્ટ્રલમાં બેસી તેમણે વિશ્વને સંબોધન કર્યું હતું, તે ભારતના લોકશાહીના પાયાનો સાક્ષી રહ્યો છે. બંધારણ સભાથી લઈ સંસદ અને હવે બંધારણ ભવન સુધી આ સ્થળ પોતે ભારતના લોકશાહીની જીવંત કહાની છે. આ જ મંચ પરથી, પીએમ મોદીએ એ પણ જણાવ્યું કે લોકશાહી ચર્ચા અને અવાજથી નહીં, પરંતુ ધીરજ, સાંભળવાની ક્ષમતા અને દરેકને સાથે લઈ જવાની ક્ષમતાથી મજબૂત બને છે.પીએમ મોદીએ કહ્યું કે આ પરિષદ જ્યાં યોજાઈ રહી છે તે સેન્ટ્રલ હોલ ભારતની લોકશાહી યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ રહ્યો છે. સ્વતંત્રતા પહેલા, બંધારણ સભા અહીં મળતી હતી. સ્વતંત્રતા પછી ૭૫ વર્ષ સુધી સંસદની બેઠક તરીકે સેવા આપતો હતો. હવે, તેનું નામ બદલીને બંધારણ ગૃહ રાખવામાં આવ્યું છે, જે ભારતની લોકશાહી પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

વડાપ્રધાનએ સંસદીય લોકશાહીમાં સ્પીકરની ભૂમિકાને મહત્વપૂર્ણ ગણાવી. તેમણે કહ્યું કે સ્પીકર વધુ બોલતા નથી, પરંતુ સૌથી વધુ સાંભળે છે. તેમની સાચી તાકાત ધીરજમાં રહેલી છે. એક સારા વક્તાની ઓળખ એ છે કે તેઓ ઘોંઘાટીયા, અસંમત અને ઉત્સાહી સભ્યોને સ્મિત સાથે સંભાળી શકે.આ ચોથી વખત છે જ્યારે ભારતમાં કોમનવેલ્થ સ્પીકર્સ અને પ્રિસાઈડિંગ ઓફિસર્સ કોન્ફરન્સનું આયોજન થઈ રહ્યું છે. આ વખતે, કોન્ફરન્સનો વિષય "સંસદીય લોકશાહીનું અસરકારક અમલીકરણ" છે. તેનું ધ્યાન ફક્ત લોકશાહીની વ્યાખ્યા પર જ નહીં, પરંતુ જમીન પર તેના અસરકારક અમલીકરણ પર છે.પીએમ મોદીએ કહ્યું કે એક સમયે એવી શંકા હતી કે ભારતમાં લોકશાહી મૂળિયાં પકડશે તો પણ વિકાસની ગતિ ધીમી રહેશે. પરંતુ ભારતે આ શંકાઓને ખોટી સાબિત કરી છે. આજે, ભારત વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું મુખ્ય અર્થતંત્ર છે. ભારતમાં વિકસિત UPI, વિશ્વની સૌથી મોટી ડિજિટલ ચુકવણી પ્રણાલી છે. વેક્સીન ઉત્પાદનમાં ભારત પ્રથમ ક્રમે છે અને સ્ટીલ ઉત્પાદનમાં બીજા ક્રમે છે.વડાપ્રધાન મોદીના મતે, ભારતનું લોકશાહી ફક્ત ચૂંટણીઓ સુધી મર્યાદિત નથી. તે નીતિ, નવીનતા અને સમાવેશી વિકાસનો પાયો છે. સંસ્થાકીય શક્તિ અને લોકશાહી પ્રક્રિયાઓએ ભારતને સ્થિરતા, મોટા પાયે કામ કરવાની ક્ષમતા અને ઝડપી નિર્ણય લેવાની ક્ષમતા આપી છે.

### ગુજરાન ભથ્થાં કેસમાં હાઈકોર્ટનો મહત્ત્વપૂર્ણ ચુકાદો

# પતિની કમાણી પર ૨૫% પત્નીનો કાયદેસરનો હક

## શાહજહાંપુરની ફેમિલી કોર્ટે પત્નીનું ભરણપોષણ ભથ્થું ૫૦૦ રૂપિયાથી વધારીને ૩,૦૦૦ રૂપિયા કર્યું હતું

અલ્લાહાબાદ, તા.૧૫

અલ્લાહાબાદ હાઈકોર્ટે પત્નીના હિતમાં મોટો ચુકાદો આપતા જણાવ્યું છે કે, પત્નીને તેના પતિની કુલ કમાણીના ૨૫% સુધીની રકમ ભરણપોષણ(ગુજારા ભથ્થા) તરીકે મેળવવાનો કાયદેસરનો અધિકાર છે. જસ્ટિસ મદન પાલ સિંહે સુરેશ ચંદ્ર નામના વ્યક્તિની અરજી ફગાવી દેતા આ આદેશ આપ્યો હતો. ઉત્તરપ્રદેશના શાહજહાંપુરની ફેમિલી કોર્ટે પત્નીનું ભરણપોષણ ભથ્થું ૫૦૦ રૂપિયાથી વધારીને ૩,૦૦૦ રૂપિયા કર્યું હતું, જેને પતિએ હાઈકોર્ટમાં પડકાર્યું હતું.પતિએ કોર્ટમાં એવી દલીલ કરી હતી કે તે પોતે એક મજૂર છે અને તેની આવક ઘણી ઓછી છે, તેથી ભરણપોષણની રકમમાં વધારો કરવો અયોગ્ય છે. જોકે, હાઈકોર્ટે આ દલીલને નકારી કાઢતા જણાવ્યું હતું કે, જો પતિ મજૂરી કરતો હોય તો પણ તે દિવસના આશરે ૬૦૦ રૂપિયા લેખે મહિનાના ૧૮,૦૦૦ રૂપિયા તો કમાતો જ હોય. આ સંજોગોમાં પત્નીને અપાતા ૩,૦૦૦ રૂપિયા કોઈ પણ રીતે વધારે ન ગણાય. કોર્ટે સ્પષ્ટ કર્યું કે વધતી જતી મોંઘવારીના જમાનામાં આ રકમ પતિની આવકની મર્યાદામાં જ છે.અલ્લાહાબાદ હાઈકોર્ટે સુપ્રીમ કોર્ટના વિવિધ ચુકાદાઓનો હવાલો આપીને નોંધ્યું હતું કે, પત્નીનું ભરણપોષણ કરવું એ પતિની કાયદેસરની સાથે સાથે નૈતિક જવાબદારી પણ છે. જો પત્ની પોતાનું ગુજરાન ચલાવવામાં અસમર્થ હોય, તો પતિ તેની જવાબદારીમાંથી છટકી શકે નહીં. કોર્ટે પત્નીના ભરણપોષણની રકમમાં વધારો કરવાના નીચલી અદાલતના નિર્ણયને યોગ્ય ગણાવ્યો હતો અને પતિની પુનરીક્ષણ અરજીને ફગાવી દીધી હતી.

### હરિદ્વારમાં હર કી પૌડી પર જય ગંગેના નાદ

# મકર સંક્રાંતિએ પ્રયાગરાજથી હરિદ્વાર સુધી લાખો શ્રદ્ધાળુઓએ લગાવી પવિત્ર ડૂબકી

## પ્રયાગરાજમાં ચાલી રહેલા માઘ મેળામાં એકાદશી અને મકર સંક્રાંતિના શાહી સ્નાન માટે ભક્તોની ભારે ભીડ

પ્રયાગરાજ, તા.૧૫

મકર સંક્રાંતિ અને માઘ એકાદશીના પાવન અવસર પર દેશભરના પવિત્ર ઘાટો પર આસ્થાનો મહાસાગર ઉમટ્યો હતો. ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ અને ઉત્તરાખંડના હરિદ્વારથી લઈને પશ્ચિમ બંગાળના ગંગાસાગર સુધી, લાખો શ્રદ્ધાળુઓએ બુધવારની વહેલી સવારથી જ પવિત્ર નદીઓમાં સ્નાન કરી પુણ્યનું ભાથું બાંધ્યું.ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા માઘ મેળામાં એકાદશી અને મકર સંક્રાંતિના શાહી સ્નાન માટે ભક્તોની ભારે ભીડ જોવા મળી. સંગમ તટ પર લાખો લોકોએ ત્રિવેણીમાં આસ્થાની ડૂબકી લગાવી. માઘ મેળા અધિકારી ઋષિ રાજના જણાવ્યા અનુસાર, સવારે ૬ વાગ્યા સુધીમાં જ લગભગ ૯ લાખ ૫૦ હજાર શ્રદ્ધાળુઓ સ્નાન કરી ચૂક્યા હતા અને ઘાટો પર ભીડ સતત વધી રહી હતી. ભક્તોના ઉત્સાહને જોતા, વહીવટીતંત્ર દ્વારા સુરક્ષાના અભૂતપૂર્વ વ્યવસ્થા કરવામાં આવી છે. સમગ્ર મેળા ક્ષેત્રમાં યુપી એટીએસની મોબાઈલ ટીમો તૈનાત છે અને ડ્રોન કેમેરાથી પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી હતી.

ઉત્તરાખંડના હરિદ્વારમાં પણ ગાઢ ધુમ્મસ અને ઠંડીની પરવા કર્યા વિના લાખો શ્રદ્ધાળુઓ 'હર કી પૌડી' ઘાટ પર ગંગા સ્નાન માટે ઉમટી પડ્યા હતા. વહેલી સવારથી જ ઘાટ પર ભક્તોનો જમાવડો શરૂ થઈ ગયો હતો. પહાડો પરથી દેવડોલીઓ પણ ગંગા સ્નાન માટે હરિદ્વાર પહોંચી હતી, જેનાથી વાતાવરણ વધુ ભક્તિમય બન્યું હતું. પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણા જિલ્લામાં આવેલા ગંગાસાગરમાં પણ મકર સંક્રાંતિ નિમિત્તે હજારો શ્રદ્ધાળુઓએ ગંગા નદી અને સાગરના સંગમ પર પવિત્ર સ્નાન કર્યું. દેશના ખૂણેખૂણેથી લોકો અહીં પહોંચ્યા હતા. એક તરફ જ્યાં દેશના ઉત્તરીય ભાગોમાં ધાર્મિક મેળાવડા જામ્યા છે, ત્યાં મુંબઈ શહેર આજે સવારે ગાઢ ધુમ્મસની ચાદરમાં લપેટાયેલું જોવા મળ્યું હતું. ધુમ્મસના કારણે દ્રશ્યતા (વિઝિબિલિટી) ઘણી ઘટી ગઈ હતી, જેના લીધે વાહનવ્યવહાર પર અસર પડી હતી.હિન્દુ ધર્મમાં મકર સંક્રાંતિ અને માઘ મહિનાની એકાદશી પર પવિત્ર નદીઓમાં સ્નાન કરવાનું અત્યંત પુણ્યશાળી માનવામાં આવે છે. એવી માન્યતા છે કે આ દિવસે સ્નાન કરવાથી વ્યક્તિના તમામ પાપ ધોવાઈ જાય છે અને તેને મોક્ષની પ્રાપ્તિ થાય છે. આ જ શ્રદ્ધા સાથે દર વર્ષે લાખો લોકો આ પવિત્ર અવસરે નદી કિનારે પહોંચે છે.

### મણિકર્ણિકા ઘાટ વિવાદમાં વડાપ્રધાન પર ખડગેનો પ્રહાર

# રિનોવેશનના નામે ધાર્મિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસો ધ્વસ્ત કરાયો

## મોદી ઈતિહાસની દરેક ધરોહરનું નામો નિશાન મિટાવી પોતાની નેમ-પ્લેટ ચોંટાડવા માંગે છે : કોંગ્રેસ અધ્યક્ષ

વારાણસી, તા.૧૫

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર વારાણસીના પ્રસિદ્ધ મણિકર્ણિકા ઘાટના પુનઃવિકાસને લઈને ગંભીર આરોપ લગાવ્યા છે. ખડગેનું કહેવું છે કે, સૌંદર્યકરણ અને વ્યાપારીકરણના નામે વિરાસતોને બુલડોઝર દ્વારા ધ્વસ્ત કરવામાં આવી રહ્યા છે. તેમણે આરોપ મૂક્યો કે PM મોદી ઈતિહાસની દરેક ધરોહરનું નામો નિશાન મિટાવી પોતાની નેમ-પ્લેટ ચોંટાડવા માંગે છે.૧૫ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરતાં લખ્યું કે, જી, સુંદરતા અને વ્યાપારીકરણના નામે વારાણસીના મણિકર્ણિકા ઘાટ પર બુલડોઝર ચલાવીને સદીઓ જૂના ધાર્મિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાને ધ્વસ્ત કરવાનું કામ કર્યું છે. પહેલા કોરિડોરના નામે મોટા અને નાના મંદિરો અને તીર્થસ્થાનો તોડી પાડવામાં આવ્યા હતા, અને હવે પ્રાચીન ઘાટનો વારો છે. તમે ઐતિહાસિક વારસાના દરેક ભાગને ભૂંસી ફક્ત તમારી નેમપ્લેટ લગાવવા માંગો છો આ સાથે ખડગેએ X પોસ્ટમાં કેટલી તસવીરો અને વીડિયો પણ શેર કર્યા, જેમાં બુલડોઝર અને તોડી નાખવામાં આવેલી મૂર્તિઓ નજરે પડી રહી છે. ખડગેએ સવાલ ઉઠાવ્યો કે કેમ વર્ષો જૂની મૂર્તિઓ અને મંદિરોને તોડી નાખવામાં આવ્યા? તેને મ્યુઝિયમમાં કેમ રાખવામાં ન આવ્યા? લાખો લોકો મોક્ષ માટે કાશી/વારાણસીની યાત્રા કરે છે, શું તેમનો ઈરાદો ભક્તોને છેતરવાનો છે.?

મણિકર્ણિકા ઘાટ સૌથી પવિત્ર સ્મશાન સ્થળ-પૌરાણિક માન્યતાઓ મુજબ આ જ જગ્યાએ ભગવાન વિષ્ણુની મણિ પડી હતી, જેના કારણે તેનું નામ મણિકર્ણિકા પડ્યું.-મણિકર્ણિકા કાશીના ૮૪ મુખ્ય ઘાટોમાંથી એક, દેવી અહિલ્યાબાઈ હોલ્કર દ્વારા બનાવવામાં આવેલા ૫ ઘાટોમાંથી એક.-મણિકર્ણિકા ઘાટ હિન્દુ ધર્મમાં સૌથી પવિત્ર સ્મશાન સ્થળ છે. અહીં અગ્નિસંસ્કાર કરવાથી મોક્ષ મળે તેવી માન્યતા છે.-આ ઘાટ વારાણસીના સૌથી જૂના ઘાટોમાંનો એક છે, જેની વાર્તા માતા સતીના કાનની બુટ્ટી સાથે સંબંધિત છે.

આ પુનર્વિકાસ પ્રોજેક્ટનો શિલાન્યાસ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૭ જુલાઈ, ૨૦૨૩ના રોજ કરવામાં આવ્યો હતો. તે કાશી વિશ્વનાથ કોરિડોર પ્રોજેક્ટનો એક ભાગ છે. સ્થાનિક લોકો અને વિરોધીઓનો આરોપ છે કે કામ દરમિયાન સદીઓ જૂની મૂર્તિઓ અને મોટા અને નાના મંદિરોને નુકસાન થયું. જોકે, જિલ્લા તંત્રે આ આરોપોને ફગાવી દીધા છે. અને સ્પષ્ટતા કરતાં કહ્યું છે કે તંત્ર દ્વારા કોઈ જ મંદિર કે સાંસ્કૃતિક માળખાનો નાશ કરવામાં આવ્યો નથી. તમામ વસ્તુઓ સુરક્ષિત છે બાદમાં તેને પુનઃસ્થાપિત કરવામાં આવશે. વારાણસી કલેક્ટરે સોશિયલ મીડિયા પર ખોટી માહિતી ફેલાવનારાઓને ચેતવણી આપી છે.

### BMC ચૂંટણી માટે મતદાન કરવા સ્ટાર્સ પહોંચ્યા

# અક્ષય કુમાર, સચિન તેંડુલકર સહિતના સ્ટાર્સે કર્યું મતદાન

## મહારાષ્ટ્રમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓ યોજાઈ જેમાં ઘણા ફિલ્મ સ્ટાર્સે મતદાન પ્રક્રિયામાં ભાગ લીધો

મુંબઈ, તા.૧૫

મહારાષ્ટ્રની મ્યુનિસિપલ ચૂંટણીના દિવસે મુંબઈમાં લોકશાહીનો ઉત્સવ જોવા મળ્યો, કારણ કે ઘણા પ્રખ્યાત ફિલ્મ સ્ટાર્સ વહેલી સવારે મતદાન મથકો પર પહોંચ્યા હતા. ૧૫ જાન્યુઆરીના રોજ યોજાનારી આ મહત્વપૂર્ણ ચૂંટણીમાં, સ્ટાર્સે માત્ર તેમના મતદાનના અધિકારનો ઉપયોગ જ કર્યો નહીં પરંતુ જનતાને મતદાન કરવા માટે અપીલ પણ કરી હતી. બોલિવૂડથી લઈને ક્રિકેટના મોટા-મોટા સ્ટાર્સ BMC ચૂંટણી ૨૦૨૬ માટે મતદાન કરવા પહોંચ્યા હતા, જેમાં સૌથી પહેલા વહેલી સવારે સચિન તેંડુલકર વોટિંગ કરવા પહોંચ્યા હતા. જોકે, મતદાનને લઈ તમામ સ્ટાર્સમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે, અને તેઓ જનતાને પણ મતદાન કરવા માટે અપીલ કરતા જોવા મળી રહ્યા છે. તેમની પત્ની અંજલિ અને પુત્રી સારા તેંડુલકર પણ જોવા મળ્યા હતા.

અક્ષય કુમાર મુંબઈમાં પોતાના મતદાન મથક પર પહોંચ્યા હતા, અને જનતાને મતદાન કરવા માટે બહાર આવવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે, અમે સતત પાણીની અછત, વીજળીનો અભાવ, ખરાબ રસ્તાઓ અને અપૂરતા કચરા વ્યવસ્થાપન અંગે ફરિયાદ કરીએ છીએ. આપણે આ સમસ્યાઓના ઉકેલ શોધવા જોઈએ, પરિવર્તન લાવવા માટે લાયક ઉમેદવારને મત આપવો જોઈએ.

અક્ષય કુમારની પત્ની ટ્વિંકલ ખન્નાએ પણ મતદાન કર્યું, અને જનતાને અપીલ કરતા કહ્યું હતું કે, મતદાન મને મારી જાતને વ્યક્ત કરવાની શક્તિ આપે છે. હું આદત અને આશાથી મતદાન કરી રહી છું. અક્ષય અને ટ્વિંકલ સિવાય આમિર ખાન તેમના પરિવાર સાથે મતદાન કરવા આવ્યા હતા. અભિનેતાની સાથે તેમના બાળકો, ઈરા અને જુનૈદ અને તેમની ભૂતપૂર્વ પત્ની કિરણ રાવ પણ હતા.

સુનિલ શેટ્ટીએ લોકોને મતદાન કરવાની અપીલ કરતા કહ્યું હતું કે, મને લાગે છે કે, આ અત્યાર સુધીની સૌથી મહત્વપૂર્ણ ચૂંટણીઓમાંની એક છે, તેથી દરેક વ્યક્તિએ બહાર આવીને મતદાન કરવું જોઈએ. ભાજપના સાંસદ હેમા માલિની મુંબઈના જુહુ સ્થિત જમનાબાઈ નરસી સ્કૂલ મતદાન મથકે મતદાન કરવા પહોંચ્યા હતા. તેમણે જનતાને અપીલ કરી હતી કે, તેઓ મોટી સંખ્યામાં મતદાન કરીને પોતાના પ્રતિનિધિઓને ચૂંટે.

સલીમ ખાન પોતાના પરિવાર સાથે બાંદ્રા માઉન્ટ મેરી મતદાન મથક પર મતદાન કરવા આવ્યા હતા. સલીમ ખાનને ત્રણ પુત્રો છે સલીમ ખાન, અરબાઝ ખાન અને સોહેલ ખાન. આજે સવારે BMC ચૂંટણી ૨૦૨૬માં મતદાન કર્યા પછી જોન અબ્રાહમે હસતો પોઝ આપીને તસવીરો માટે પોઝ આપ્યા હતા.

અક્ષય અને ટ્વિંકલ સિવાય આમિર ખાન તેમના પરિવાર સાથે મતદાન કરવા આવ્યા હતા. અભિનેતાની સાથે તેમના બાળકો, ઈરા અને જુનૈદ અને તેમની ભૂતપૂર્વ પત્ની કિરણ રાવ પણ હતા. તમન્ના ભાટિયાએ BMC ચૂંટણી ૨૦૨૬ માટે મતદાન કર્યા પછી પાપારાઝી માટે પોઝ આપ્યો હતો. લાઈટ પિંક ડ્રેસમાં ટ્રેડિશનલ લુકમાં અભિનેત્રી એકદમ સુંદર લાગી રહી હતી.

### INSV કૌડિન્ય મસ્કત પહોંચ્યું

# ભારત-ઓમાન વચ્ચે ૫,૦૦૦ વર્ષ જૂના દરિયાઈ સંબંધો પુનર્જીવિત થયા

મસ્તક, તા.૧૫

ભારત અને ઓમાન વચ્ચેના હજારો વર્ષ જૂના દરિયાઈ અને સાંસ્કૃતિક સંબંધોમાં આજે એક નવો અધ્યાય ઉમેરાયો છે. ભારતીય નૌકાદળનું પરંપરાગત રીતે નિર્મિત જહાજ INSV કૌડિન્ય તેની પ્રથમ પોરબંદર-મસ્કત સફર સફળતાપૂર્વક પૂર્ણ કરીને મસ્કત પહોંચ્યું છે. મસ્કતના પોર્ટ સુલતાન કાબૂસ ખાતે કેન્દ્રીય બંદર, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે જહાજના ક્રૂ મેમ્બર્સનું ભવ્ય સ્વાગત કર્યું હતું.પ્રાચીન કળા અને આધુનિક મૈત્રીનો સંગમ INSV કૌડિન્યનો હેતુ ભારતની પ્રાચીન જહાજ નિર્માણ કળાને વિશ્વ સમક્ષ લાવવાનો છે. અજંતાની ગુફાઓના ચિત્રોમાંથી પ્રેરિત આ જહાજને આધુનિક ખીલીઓ કે ધાતુના જોડાણ વગર, માત્ર દોરીઓથી સીવીને તૈયાર કરવામાં આવ્યું છે. આ સફર ભારત અને ઓમાન વચ્ચેના ૫,૦૦૦ વર્ષ જૂના વ્યાપારિક અને સભ્યતાના જોડાણને પુનર્જીવિત કરે છે.

આ દરમિયાન મંત્રી સર્બાનંદ સોનોવાલે ઓમાનના પરિવહન અને IT મંત્રી એચ.ઈ. એન્જિનિયર સઈદ બિન હમૂદ સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. આ બેઠકમાં સોનોવાલે બંને દેશો વચ્ચે 'ગ્રીન શિપિંગ કોરિડોર' સ્થાપવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. તેમણે ઓમાનની કંપનીઓને ભારતના વિશાળ મેરીટાઈમ પ્રોજેક્ટ્સ જેવા કે મહારાષ્ટ્રના વધાવણ પોર્ટ (૯ અબજ ડોલર) અને તમિલનાડુના તુતીકોરીન પ્રોજેક્ટમાં રોકાણ કરવા આમંત્રણ આપ્યું હતું.સ્વાગત સમારોહમાં ઓમાનના પ્રવાસન મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ અને ભારતીય સમુદાયના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન બંને દેશોના પરંપરાગત નૃત્યો અને સંગીતની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ભારત અને ઓમાન વચ્ચે સમુદ્રી વારસા અને સંગ્રહાલયો અંગેના સમજૂતી કરાર (MoU) પણ કરવામાં આવ્યા છે, જે આગામી સમયમાં બંને દેશોના ઐતિહાસિક સંબંધોને વધુ મજબૂત બનાવશે.

### મિડલ ઈસ્ટમાં યુદ્ધના ભણકારા!

# યુએસ નેવીનું એરક્રાફ્ટ કેરિયર અબ્રાહમ લિંકન ઈરાન તરફ રવાના

## ઈરાનમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે અને ઈરાને પોતાનું એરસ્પેસ (હવાઈ ક્ષેત્ર) પણ બંધ કરી દીધું છે

ઈરાન, તા.૧૫

ઈરાનમાં બગડતી પરિસ્થિતિને કારણે અમેરિકા સાથેનો તણાવ સતત વધી રહ્યો છે. આ કારણે મધ્ય પૂર્વ (મિડલ ઈસ્ટ) માં ફરી એકવાર યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ છે. અમેરિકાએ પણ પોતાના એરક્રાફ્ટ કેરિયરને મધ્ય પૂર્વ તરફ રવાના કરી દીધું છે. બીજી તરફ, ઈરાને પોતાનું એરસ્પેસ બંધ કરી દેતા વિશ્વભરના લોકો માટે વિમાની મુસાફરીમાં મુશ્કેલીઓ ઊભી થઈ છે. ઈરાનમાં ઘેરાયેલા આર્થિક અને રાજકીય સંકટ વચ્ચે એક મોટા સમાચાર સામે આવ્યા છે. ઈરાનમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે અને ઈરાને પોતાનું એરસ્પેસ (હવાઈ ક્ષેત્ર) પણ બંધ કરી દીધું છે.આ દરમિયાન, અમેરિકાનું એરક્રાફ્ટ કેરિયર 'અબ્રાહમ લિંકન' મધ્ય પૂર્વ તરફ રવાના થઈ ગયું છે, જેના કારણે આ વિસ્તારમાં યુદ્ધના વાદળો છવાયા છે. અબ્રાહમ લિંકન કેરિયર સ્ટ્રાઈક ગ્રુપ દક્ષિણ ચીન સાગરના માર્ગે મધ્ય પૂર્વ તરફ આગળ વધી રહ્યું છે, જેને પગલે ઈરાનમાં સ્થિતિ વધુ સંવેદનશીલ બની ગઈ છે.

### ગેનીબેન ઠાકોરનું મોટું નિવેદન

# મહાભારત શીખવે છે કે ટેકેદાર મજબૂત તેનો વિજય નિશ્ચિત

## લાખણી તાલુકાના સેદલા ગામે જય શ્રી અંબે ગૌશાળાના લાભાર્થે યોજાયેલ શ્રીમદ્ ભાગવત કથામાં સાંસદે હાજરી આપી

બનાસકાંઠા, તા.૧૫

બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકાના સેદલા ગામે હાલમાં 'જય શ્રી અંબે ગૌશાળા'ના લાભાર્થે ભવ્ય શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક પ્રસંગે ઉપસ્થિત રહેલા બનાસકાંઠાના લોકપ્રિય સાંસદ ગેનીબેન ઠાકોરે પોતાના વક્તવ્યમાં જીવન અને રાજનીતિમાં 'ટેકેદારો'ના મહત્વ પર ભાર મૂકી સૌનું ધ્યાન ખેંચ્યું હતું.કથા દરમિયાન શ્રોતાઓને સંબોધતા ગેનીબેન ઠાકોરે મહાભારતનો પ્રસંગ ટાંકતા જણાવ્યું હતું કે, "મહાભારત આપણને એ શીખવે છે કે વિજય મેળવવા માટે સંખ્યાબળ કરતાં ટેકેદારની મજબૂતી વધુ મહત્વની છે. જેનો ટેકેદાર મજબૂત હોય, તેનો વિજય નિશ્ચિત હોય છે." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે "ટેકેદારોની સંખ્યા ઓછી હોય તો ચાલે, પરંતુ જો તેઓ મક્કમ હોય તો અડધું યુદ્ધ ત્યાં જ જીતી શકાય છે. જેનો ટેકેદાર માયકાંગલો હોય એની પાસે ૧૮ અક્ષૌહિણી સેના હોય તો પણ તે હારી જાય છે. એટલે જીવનમાં ટેકેદાર રાખવા હોય તો મજબૂત રાખવા, ભલે સંખ્યામાં થોડા હોય."આ કાર્યક્રમ માત્ર રાજકીય નિવેદનો પૂરતો મર્યાદિત ન રહેતા, સામાજિક સૌહાર્દનું પણ કેન્દ્ર બન્યો હતો. કાર્યક્રમ દરમિયાન પૂર્વ સાંસદ પરબતભાઈ પટેલે ગરિમાપૂર્ણ હાજરી આપી હતી. ખાસ વાત એ હતી કે, રાજકીય મતભેદો બાજુ પર મૂકીને પરબત પટેલે સાંસદ ગેનીબેન ઠાકોરના માથે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા હતા, જે દ્રશ્ય સોશિયલ મીડિયા પર પણ ખૂબ વાયરલ થઈ રહ્યું છે.સેદલા ગામે ગૌશાળાના લાભાર્થે યોજાયેલ આ કથામાં આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉમટી પડ્યા છે. ગેનીબેન ઠાકોરના આ નિવેદનને લોકો તેમના તાજેતરના રાજકીય સંઘર્ષ અને જીત સાથે પણ જોડીને જોઈ રહ્યા છે. આ પ્રસંગે અનેક અગ્રણીઓ અને ગ્રામજનોએ ગૌસેવા માટે ઉમળકાભેર દાનની સરવાણી વહાવી હતી.

### એક્ઝિટ પોલમાં ચોંકાવનારો ખુલાસો

# ભાજપની આગેવાની હેઠળની મહાયુતિને ૧૦૭ થી ૧૨૨ બેઠકો જીતવાની ધારણા

## ઠાકરે બ્રધર્સના ગઠબંધનને ૬૮ થી ૮૩ બેઠકો મળવાની ધારણા

મુંબઈ, તા.૧૫

મહારાષ્ટ્રમાં ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનો માટે મતદાન પૂર્ણ થયું છે. બધાની નજર મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) ની મહત્વપૂર્ણ ચૂંટણીઓ પર છે.

અહીં, ભાજપ અને એકનાથ શિંદેએ સાથે ચૂંટણી લડી હતી. જ્યારે ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેએ સાથે ચૂંટણી લડી હતી. BMC કોણ જીતશે તેનો અંતિમ નિર્ણય ૧૬ જાન્યુઆરીએ થવાનો છે. જોકે, તે પહેલાં, એક્ઝિટ પોલના ડેટામાં એક આશ્ચર્યજનક ખુલાસો થયો છે. BMC પાસે કુલ ૨૨૭ વોર્ડ છે. શિવસેના અને NCP માં વિભાજન પછી આ પહેલી મ્યુનિસિપલ ચૂંટણી છે.

ડીવી રિસર્ચન એક્ઝિટ પોલ : ડીવી રિસર્ચ એક્ઝિટ પોલ અનુસાર, ભાજપની આગેવાની હેઠળની મહાયુતિને ૧૦૭ થી ૧૨૨ બેઠકો જીતવાની ધારણા છે. ઠાકરે બ્રધર્સના ગઠબંધનને ૬૮ થી ૮૩ બેઠકો મળવાની ધારણા છે. કોંગ્રેસ અને વંચિત બહુજન આઘાડીને ૧૮ થી ૨૫ બેઠકો મળવાની ધારણા છે. NCP અજિત પવારને ૨ થી ૪ બેઠકો મળવાની ધારણા છે. અન્યોને ૮ થી ૧૫ બેઠકો મળવાની સંભાવના છે.

ડીવી રિસર્ચમાં વોટ શેર : ભાજપના નેતૃત્વ હેઠળના મહાયુતિને ૪૧ ટકા વોટ મળવાનો અંદાજ છે. ઠાકરે બંધુઓના ગઠબંધનને ૩૩ ટકા, કોંગ્રેસ અને વંચિત બહુજન આઘાડીને ૧૩ ટકા, NCP અજિત પવારને ૩ ટકા અને અન્યને ૧૦ ટકા વોટ મળવાનો અંદાજ છે.

AXIS My India એક્ઝિટ પોલ : AXIS My India એક્ઝિટ પોલ મુજબ, ભાજપ ગઠબંધનને ૪૪ ટકા મહિલા અને ૪૦ ટકા પુરુષના મત મળવાનો અંદાજ છે. ઠાકરે ગઠબંધનને ૩૧ ટકા મહિલા અને ૩૩ ટકા પુરુષના મત મળવાનો અંદાજ છે. કોંગ્રેસ અને તેના સાથી પક્ષોને ૧૩ ટકા મહિલા અને ૧૩ ટકા પુરુષ વોટ મળવાનો અંદાજ છે. અન્ય પક્ષોને ૧૨ ટકા મહિલા અને ૧૪ ટકા પુરુષ વોટ મળવાનો અંદાજ છે.

AXIS My India એક્ઝિટ પોલ મુજબ BJP+ ૧૩૧ થી ૧૫૧ બેઠકો જીતી શકે છે. શિવસેના UBT+ ને ૫૮-૬૮ બેઠકો મળી શકે છે. કોંગ્રેસ+ ૧૨-૧૬ બેઠકો જીતી શકે છે. અન્ય ૬-૧૨ બેઠકો જીતી શકે છે.

JVC Exit Poll માં વોટ શેર : JVC Exit Poll માં મહાયુતિને ૪૨ થી ૪૫ ટકા મત મેળવી શકે છે. ઠાકરે બ્રધર્સ અને શરદ પવારને ૩૪-૩૭ ટકા મત મેળવી શકે છે. કોંગ્રેસ-ફમ્છ ગઠબંધન ૧૩-૧૫ ટકા અને અન્ય ૬-૮ટકા મત મેળવી શકે છે.

JVC Exit Poll માં બેઠકો : ભાજપ ગઠબંધન ૧૩૮ બેઠકો જીતી શકે છે, ઉદ્ધવ ઠાકરેનું ગઠબંધન ૫૯, કોંગ્રેસ ગઠબંધન ૨૩ બેઠકો જીતી શકે છે અને અન્ય ૭ બેઠકો જીતી શકે છે. મુંબઈમાં અંતિમ બેઠક વિતરણ મુજબ, ભાજપ ૧૩૭ બેઠકો પર ચૂંટણી લડી રહ્યું છે અને એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના ૯૦ બેઠકો પર ચૂંટણી લડી રહી છે. NCP ૯૪ બેઠકો પર અલગથી ચૂંટણી લડી રહી છે. શિવસેના (UBT) એ ૧૬૩ ઉમેદવારો, MNS એ ૫૨, કોંગ્રેસે ૧૪૩ અને VBA એ ૪૬ ઉમેદવારો ઊભા રાખ્યા છે.

### તેમના પત્ની પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા

# અમદાવાદમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પતંગ ચગાવી કરી ઉજવણી

## ગૃહમંત્રી અમિત શાહે નારણપુરા વિધાનસભા વિસ્તારમાં કાર્યકર્તાઓ સાથે પતંગ ચગાવી ઉત્તરાયણની ઉજવણી કરી

અમદાવાદ, તા.૧૫

ગુજરાતમાં ઉત્તરાયણનો માહોલ બરાબર જામ્યો હતો. રંગબેરંગી પતંગોથી આકાશ રંગાયું છે. ત્યારે ગુજરાતના પ્રવાસે આવેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં પતંગ ચગાવી ઉત્તરાયણના પર્વની ઉજવણી કરી હતી. ગૃહમંત્રી અમિત શાહે નારણપુરા વિધાનસભા વિસ્તારમાં કાર્યકર્તાઓ સાથે ઉત્તરાયણની ઉજવણી કરવા પહોંચ્યા હતા. જ્યાં સ્થાનિક નાગરિકો અને કાર્યકરોએ ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. ગૃહમંત્રીએ નારણપુરા વિધાનસભા વિસ્તારમાં કાર્યકર્તાઓ સાથે પતંગની મજા માણી હતી. અમિત શાહ સાથે તેમના પત્ની સોનલબેન શાહ સહિતના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.આ પહેલા અમિત શાહે પરિવાર સાથે જગન્નાથ મંદિરે દર્શન કરી ગૌપૂજા કરી હતી. જેના પગલે મંદિર પરિસરમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. દર વર્ષે અમિત શાહ મકરસંક્રાંતિએ પરિવાર સાથે ઉત્તરાયણની ઉજવણી કરવા માટે ગુજરાત આવે છે. તો દર વર્ષે આ દિવસે જગન્નાથ મંદિરે દર્શન કરવા પણ જતા હોય છે. આ વખતે પણ તેઓએ પરિવાર સાથે મંદિરે દર્શન કર્યા બાદ પતંગ ચગાવી ઉત્તરાયણની ઉજવણી કરી હતી.

# ધારી : જર ગામે આજે અઢી કરોડનાં કાર્યોનું લોકાર્પણ



ચલાલા, તા. ૧૫

ધારી તાલુકાના ઝર ગામે સવારે દસ વાગે નાના એવા જર ગામમાં ગુજરાત સરકારની સર્વેશીક્ષા અભિયાન સહિતની ગુજરાત સરકારની જુદી જુદી ગ્રાન્ટોમાંથી અઢી કરોડથી વધુ રકમના વિકાસના કામોના લોકાર્પણ કરવામા આવશે. જેમાં એક કરોડને ૨૨ લાખના ખર્ચે જરગામથી મેઈન સ્ટેટ રોડને જોડતો સીસી રોડ પુલ સાથેનો અર્પણ કરવામાં આવશે, ૬૫ લાખના ખર્ચે નાના એવા ગામમા બાળ કોને સુવિધા યુકત અને ગુણવત્તા યુકત શિક્ષણ મળી રહે તે હેતુથી નવનિર્મિત શાળા બિલ્ડીંગ કમ્પાઉન્ડ હોલ શેડ સાથે, ૪૫ લાખના ખર્ચે ગામના લોકોને જરૂરિયાત મુજબ કરતા વધુ શુધ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે પાણીની ઉચી ટાંકી, સંપ અને બે કિલોમીટર પાઈપલાઈનનું લોકાર્પણ કરવામાં આવશે, તેમજ દેવીપુજક સમાજ વિસ્તારમાં ૧ કિ.મી.ની પાણી પુરવઠા લાઈન તેમજ મેઈન બજાર અને દલિત સમાજ વિસ્તારમાં પેવર બ્લોક રોડ સહિતના કુલ અંદાજે અઢી કરોડથી વધુ રકમના વિકાસના કામોના લોકાર્પણ કરવામાં આવશે. આ લોકાર્પણ કાર્યક્રમમાં સાંસદ, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, ધારાસભ્ય જે.વી. કાકડીયા, દાનબાપુની જગ્યાના લઘુ મહંત શ્રી મહાવીર બાપુ, ગુજરાત પ્રદેશ કિસાન મોરચાના પ્રમુખ હિરેનભાઈ હિરપરા, અમરેલી જિલ્લા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ ભુપતભાઈ વાળા, અમરેલી જિલ્લા પંચાયતના આરોગ્ય સમિતિના ચેરમેન અનિભાઈ કુંજડીયા, ધારી તાલુકા પંચાયત પ્રમુખ કિરણબેન હિરપરા, સહિતના આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

### ગાયોને લાડુ, સુખડી, લીલો ચારો ખવડાવામાં આવ્યો

# વડતાલ ધામમાં મકરસંક્રાંતિ પર ૩૧૦ ગાયોનું વિશેષ પૂજન

## ઉત્તરાયણના દિવસે વિશેષ રૂપમાં લક્ષ્મીનારાયણદેવનો શણગાર કરાયો, હરિભક્તોએ આરતી અને પ્રસાદનો લાભ લીધો

વડતાલ, તા.૧૫

સ્વામિનારાયણ સંપ્રદાયના તીર્થસ્થાન વડતાલધામમાં મકરસંક્રાતિના શુભ પર્વે મંદિરની નુતન ગૌશાળામાં સંતો તથા હરિભક્તો દ્વારા ૩૧૦ ગાયોની પૂજા કરવામાં આવી, મંદિરની ગાયોને ઘઉંની ઘૂઘરીનો લાડુ,સુખડી,લીલો ચારો ખવડાવવામાં આવ્યો, સાથે-સાથે પવિત્ર ધનુર્માસમાં પ્રભાતફેરી તથા ધુનની પૂર્ણાહુતિ થઈ હતી.

વડતાલ મંદિરના ચેરમેન ડૉ. સંતવલ્લભદાસજી સ્વામીએ કહ્યું કે, 'ગોમતી તીરે આવેલી નૂતન ગૌશાળામાં ૩૧૦ ગાયોનું સંતો તથા હરિભક્તો ધ્વારા પૂજન કરવામાં આવ્યું હતું. ગૌશાળાનું ૫ વર્ષથી જતન કરતા પવિત્ર સ્વામીનું ચેરમેનના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

ઉત્તરાયણના દિવસે વિશેષ રૂપમાં લક્ષ્મીનારાયણદેવનો શણગાર કરવામાં આવ્યો હતો, સવારે હજારો હરિભક્તોએ આરતી અને પ્રસાદનો લાભ લીધો હતો. ૧ હજાર કિલો બોરનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો, સંક્રાતિકાળ હોવાથી તલના લાડુ,શેરડી,લીલાચણા (પોપટી) પણ ધરાવવામાં આવ્યા હતા. સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરોમાં ઝોળી પર્વનું અનેરૂ મહત્વ છે. સંતો તથા હરિભક્તો દ્વારા ઘરે-ઘરે જઈ ઝોળી પર્વ ઉઘરવવામાં આવે છે. ભક્તો તલ-ચોખા-ઘઉ તથા રોકડ રકમ અને વસ્ત્રોનું દાન કરે છે

### યુવા નેતા મનિષ સંઘાણીનાં માર્ગદર્શનતળે

# અમરેલી જિલ્લા સહકારી મંત્રી અને મેનેજરે ગોવા ફાર્મની મુલાકાત લીધી

## મસાલા ફાર્મની મુલાકાત લઈ જાણકારી મેળવી






અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને યુવા નેતા મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા અમરેલી જિલ્લાના સહકારી સંસ્થાના મંત્રી/મેનેજરને ગોવા સહકારી અભ્યાસ હેતુ મોકલવામાં આવેલ હતા. જે અંતગર્ત ગોવાના સહકારી મસાલા ફાર્મની મુલાકાત લીધી હતી. જયાં ફાર્મની અંદર ઉછેરવામાં આવતા મસાલાઓ જમા તજ, લવિંગ, એલચી, કાજુ, કાજુની ફેની વગેરેનું ઉત્પાદક અને રૂપાંતર કરવાની પ્રોસેસ વિશે માહિતી આપી હતી અને સારી ગુણવંતા વાળી વસ્તુઓ કઈ રીતે પરખ કરી શકાય અને ગુજરાતમાં મસાલાઓનું વાવેતર કઈ રીતે થાય જેના વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

સંકુલ B.Pharm. - M.Pharm.
નામાંકિત ફાર્મસી કોલેજ
સંકુલ B.Ed. - PTC
નામાંકિત એજ્યુકેશન કોલેજ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત

### રિલાયન્સ, સરકારી રિફાઇનરીઓની ક્રૂડ ઓઇલની આયાતમાં તીવ્ર ઘટાડો

# રશિયન ઇંધણના ખરીદદાર દેશોમાં ભારત ત્રીજા ક્રમે આવી ગયું: CREA

## CREAએ જણાવ્યું હતું કે માસિક ધોરણે ભારતની રશિયન ક્રૂડની આયાતમાં ૨૯ ટકાનો તીવ્ર ઘટાડો થયો છે

નવી દિલ્હી, તા.૧૫

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને સરકાર માલિકીની રિફાઈનરીઓએ ક્રૂડ ઓઈલની આયાતમાં તીવ્ર ઘટાડો કર્યા પછી ડિસેમ્બર 2025માં રશિયન ફોસિલ ફ્યૂઅલના વૈશ્વિક ખરીદદારોમાં ભારત ત્રીજા સ્થાને આવી ગયું હતું. ભારતે ડિસેમ્બરમાં ક્રૂડની કુલમાંથી 25 ટકા આયાત રશિયાથી કરી હતી. આ પ્રમાણ અગાઉના મહિના 35 ટકા જેટલું ઊંચું હતું. રશિયન ક્રૂડના ખરીદદારોમાં ચીન પ્રથમ ક્રમે છે, જ્યારે ભારતને પાછળ રાખીને તુર્કી બીજા સ્થાને આવી ગયું છે, એવો યુરોપની એક થિન્ક ટેન્કે મંગળવારે દાવો કર્યો હતો.સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લીન એર (CREA)ના જણાવ્યા અનુસાર ડિસેમ્બરમાં ભારતે આશરે 2.3 અબજ યુરો રશિયન હાઈડ્રોકાર્બનની આયાત કરી હતી, જે અગાઉના મહિનામાં 3.3 અબજ યુરો હતી. ડિસેમ્બરમાં 2.6 અબજ રશિયન હાઈડ્રોકાર્બનની ખરીદી સાથે ભારતની જગ્યાએ તુર્કી બીજા ક્રમનો સૌથી મોટો આયાતકાર દેશ બન્યો હતો.ચીન ટોચનું ખરીદનાર રહ્યું હતું. ટોચના પાંચ આયાતકારોએ રશિયા પાસેથી આશરે 6 અબજ યુરોના ક્રુડની ખરીદી કરી હતી, જેમાંથી 48 ટકા ખરીદી ચીને કરી હતી.ભારતની કુલ 2.3 અબજ યુરોના હાઈડ્રોકાર્બનની ખરીદીમાંથી ક્રૂડ ઓઈલની ખરીદી 1.8 અબજ યુરો અથવા 78 ટકા રહી હતી. આ ઉપરાંત ભારતે 42.4 કરોડ યુરોના કોલસા અને 8.2 કરોડ યુરોની ઓઈલ પ્રોડક્ટ્સની ખરીદી કરી હતી. નવેમ્બરમાં ભારતે રશિયન ક્રૂડ ઓઈલ ખરીદવા 2.6 અબજ યુરો ખર્ચ્યા હતાં.CREAએ જણાવ્યું હતું કે માસિક ધોરણે ભારતની રશિયન ક્રૂડની આયાતમાં 29 ટકાનો તીવ્ર ઘટાડો થયો છે અને ભાવમર્યાદા નીતિના અમલ પછી હવે તે સૌથી નીચા સ્તરે પહોંચી છે. આ ઘટાડનું મુખ્ય કારણે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની જામનગર રિફાઈનરીની આયાતમાં ઘટાડો છે. રિલાયન્સે ડિસેમ્બરમાં રશિયાથી તેની આયાત અડધી કરી હતી. રિલાયન્સ રશિયન કંપની રોઝનેફ્ટ પાસેથી આયાત કરી હતી, જોકે યુએસ ઓફિસ ઓફ ફોરેન એસેટ્સ કંટ્રોલ (OFAC)ના પ્રતિબંધો અમલમાં આવ્યાં પછી રિલાયન્સ ખરીદી લગભગ બંધ કરી છે. ડિસેમ્બરમાં સરકાર માલિકીની રિફાઈનરીઓએ પણ રશિયન આયાતમાં 15 ટકાનો ઘટાડો કર્યો હતો.

### સ્થાનિક ચૂંટણીઓને લઈને મોટા અપડેટ આવ્યા

# સ્થાનિક ચૂંટણીઓ માટે અનામત બેઠકોની ફાળવણી

## ગુજરાતમાં ચૂંટણીઓની તૈયારીઓને લઈને વેગ મળશે

ગાંધીનગર, તા.૧૫

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના બ્યૂગલ ફૂંકાઈ ચૂક્યા છે. ત્યારે સ્થાનિક ચૂંટણીઓને લઈને મોટા અપડેટ આવ્યા છે. ચૂંટણી માટે અનામત બેઠકોની ફાળવણી કરવામાં આવી છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીની તૈયારીઓ અત્યારથી જ તમામ પક્ષોએ શરૂ કરી દીધી છે. ત્યારે ૭ તાલુકા પંચાયત, ૨ જિલ્લા પંચાયત તથા એક નગરપાલિકાની બેઠકની ફાળવણી થઈ ગઈ છે. વિવિધ જિલ્લાઓમાં વિવિધ વર્ગ અને મહિલાઓને પ્રતિનિધિત્વ મળે તે હેતુથી અનામત બેઠકોની ફાળવણી કરવામાં આવતી હોય છે. તે મુજબ, કયા જિલ્લામાં કયા કયા અનામત બેઠકોની ફાળવણી કરાઈ છે, તે જોઈએ.

ગાંધીનગર જિલ્લાના માણસા અને દહેગામ તાલુકા પંચાયતની અનામત બેઠકોની ફાળવણી કરાઈ છે. જેમાં માણસા તાલુકાની ૨૬ બેઠકોમાંથી ૧૭ બેઠકો સામાન્ય છે. જ્યારે ઓબીસીની ૭ બેઠકો છે. તેમજ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની ૧-૧ બેઠકો અનામત છે. દહેગામની ૨૮ બેઠકોમાંથી ૧૮ બેઠકો સામાન્ય છે. ઓબીસીની ૮ બેઠક છે, જ્યારે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની ૧-૧ બેઠક અનામત છે. ફળવાયેલી બેઠકોમાં ૫૦ ટકા બેઠકો સ્ત્રી અનામત છે. મોડાસા નગરપાલિકા, હાલોલ, જંબુઘોડા, હિંમતનગર, પ્રાંતિજ, ઈડર તાલુકા પંચાયતની બેઠકોની ફાળવણી કરાઈ છે. તેમજ સાબરકાંઠા અને પંચમહાલ જિલ્લા પંચાયતની બેઠકોની ફાળવણી કરવામાં આવી છે. આ જાહેરાત બાદ હવે રાજકીય પક્ષો બેઠકો મુજબ ઉમેદવારની પસંદગી કરવા પર ભાર મૂકી શકે છે. પક્ષ હવે અનામત મુજબ રણનીતિ ઘડી શકે છે.

### હાઈકોર્ટે આપ્યા તપાસના આદેશ

# બગસરા નગરપાલિકામાં પ્રમુખને બદલે તેમના પતિ વહીવટ કરતાં હોવાનો આક્ષેપ

## પ્રમુખ તરીકે જ્યોત્સનાબેન રીબડીયા છે, પરંતુ તેમના પતિ અરવિંદ રીબડીયા પ્રમુખની કામગીરી કરતાં હોવાની અરજી

અમરેલી, તા.૧૫

અમરેલીના બગસરામાં નગરપાલિકામાં મહિલા પ્રમુખના સ્થાને તેના પતિ દ્વારા વહીવટી ચલાવાતો હોવાની ફરિયાદ મામલે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. જેને લઈને હાઈકોર્ટે સમગ્ર મામલે તપાસના આદેશ કર્યા છે. તેમજ કડક શબ્દોમાં ટિપ્પણી કરી હતી કે, ચૂંટણી લડવાની યોગ્યતા ન હોય તો ન લડવી જોઈએ.

બગસરા નગરપાલિકાના પ્રમુખ તરીકે જ્યોત્સનાબેન રીબડીયા છે, પરંતુ તેમના પતિ અરવિંદ રીબડીયા પ્રમુખની કામગીરી કરતાં હોવાની ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. મહિલા પ્રમુખના પતિ દ્વારા સત્તા ચલાવવામાં આવતી હોવાને લઈને અરજદારે સ્થાનિક વહીવટીતંત્રને જાણ કરીને યોગ્ય કાર્યવાહી કરવા જણાવ્યું હતું. પરંતુ સ્થાનિક સત્તાધિકારી દ્વારા કોઈ પ્રકારે યોગ્ય કાર્યવાહી કરવામાં ન આવતા અંતે અરજદારે આ મામલે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી. અરજીમાં મહિલા પ્રમુખના પતિ પ્રમુખની ખુરશી પર બેસીને નગરપાલિકાના નિર્ણય, ઠરાવો સહિતની કામગીરી કરતાં હોવાની વિગત અને ફોટોગ્રાફ પણ રજૂ કરવામાં આવ્યા હતા. તેમજ અરવિંદ રીબડીયા ખોટી રીતે પ્રમુખની કામગીરી કરીને ખોટા બીલો બનાવીને નાણાંકીય ઘાલમેલ તેમજ નગરપાલિકાને મળતા ફંડનો દુરુપયોગ કરતાં હોવાનો અરજીમાં ઉલ્લેખ કરાયો હતો. સમગ્ર મામલે હાઈકોર્ટે પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓને તપાસ કરીને કાયદાકીય પગલાં લેવા સ્પષ્ટ નિર્દેશ આપ્યા છે. આ સાથે હોઈકોર્ટે કહ્યું કે, મહિલા પ્રમુખની ખુરશી પર તેમના પતિ કઈ રીતે બેસી શકે?

### ખેડૂતોની દશા બેઠી!

# ટેકાના ભાવે મગફળી વેચાણના ૭ દિવસે પૈસા મળવાનો હતો વાયદો, હજુ નથી મળ્યા

## રાજ્યના કૃષિમંત્રીએ અગાઉ જાહેરાત કરી હતી કે ટેકાના ભાવે જે મગફળીની ખરીદી થશે તેના પૈસા સાતમાં દિવસે મળી જશે

ગાંધીનગર, તા.૧૫

ગુજરાતના ખેડૂતોની તો જાણે દશા બેઠી છે. એક તો કમોસમી વરસાદે હાજા ગગડાવ્યા અને હવે જે પાક ટેકાના ભાવે વેચ્યો એના પણ પૈસા મળતા નથી. આ તે કેવું? ગુજરાતના એક લાખ જેટલા ખેડૂતોને ટેકાના ભાવે જે મગફળી વેચી હતી એના પૈસા મળ્યા નથી. ચોંકાવનારી વાત એ છે કે આ પૈસા ૭ દિવસમાં જ મળી જવાના હતા પરંતુ હજુ દોઢ મહિનો વિત્યો છતાં પૈસા હાથમાં આવ્યા નથી. અત્રે જણાવવાનું કે રાજ્યના કૃષિમંત્રી જિતુ વાઘાણીએ અગાઉ જાહેરાત કરી હતી કે ટેકાના ભાવે જે મગફળીની ખરીદી થશે તેના પૈસા ખેડૂતોને સાતમાં દિવસે મળી જશે. એટલે કે તેમના ખાતામાં પૈસા જમા થઈ જશે. પરંતુ હજુ આ ખેડૂતોના ખાતામાં પૈસા આવ્યા નથી. ખેડૂતો રાહ જોઈને બેઠા છે. અકળાયેલા ખેડૂતોએ કૃષિમંત્રીને પત્ર લખ્યો છે અને ચીમકી પણ ઉચ્ચારી છે કે જો સાત દિવસમાં ખેડૂતોને પૈસા નહીં મળે તો લડત લડશે. એવો આક્ષેપ થઈ રહ્યો છે કે ટેકાના ભાવે ખરીદી મુદ્દે ખેડૂતો સાથે સરકાર રમત રમી ગઈ છે. અગાઉ ટેકાના ભાવે ખેડૂત દીઠ ૨૦૦ મણ મગફળીની ખરીદી થતી હતી જે હવે ૧૨૫ મણ કરવામાં આવી છે. ટેકાના ભાવે થનાર મગફળીની ખરીદીના પૈસા ખેડૂતોને સાતમા દિવસે ખાતામાં પહોંચી જશે એવું વચન અપાયું હતું પરંતુ દોઢ મહિનો વીતી ગયો છતાં ગુજરાતના એક લાખ જેટલા ખેડૂતોને હજુ સુધી પૈસા મળ્યા નથી. ખેડૂતો પૈસા માટે ટેકાના કેન્દ્રોના પગથિયા પણ ઘસી ઘસીને થાકી ગયા. જવાબ મળે છે કે ઉપરથી જ્યારે પૈસા જમા થશે એટલે તમારા ખાતામાં આવશે. બીજી બાજુ કિસાન કોંગ્રેસનો દાવો છે કે તપાસમાં જાણવા મળ્યું છે કે નાફેડનું પોર્ટલ કામ કરતું નથી એટલે વિલંબ થાય છે. સરકારની જવાબદારી છે કે સાત દિવસમાં પૈસા ખેડૂતોના ખાતામાં જમા થાય. પોર્ટલ કામ કરે કે ન કરે ખેડૂતોને તેની સાથે કોઈ લેવાદેવા નથી.

### લઘુત્તમ તાપમાન ૬ ડિગ્રી નોંધાયું

# અમરેલીમાં કડકડતી ઠંડી, ૧૨ વર્ષનો રેકોર્ડ તૂટ્યો

## જાન્યુઆરીમાં અમરેલી રાજ્યનું સૌથી ઠંડું શહેર બન્યું

અમરેલી, તા.૧૫

ગુજરાતમાં શિયાળાની ઋતુ તેના પૂરબહારમાં ખીલી છે, ત્યારે સૌરાષ્ટ્રના અમરેલી શહેરમાં ઠંડીએ છેલ્લા ૧૨ વર્ષના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. જાન્યુઆરી ૨૦૨૬માં અમરેલી રાજ્યનું સૌથી ઠંડું શહેર બન્યું છે, જ્યાં લઘુત્તમ તાપમાનનો પારો ગગડીને ૬ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયો છે.

હવામાન વિભાગના આંકડા મુજબ, વર્ષ ૨૦૧૪ પછી જાન્યુઆરી માસમાં ક્યારેય આટલી નીચી સપાટીએ તાપમાન ગયું નથી. અગાઉ ૬ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ અમરેલીમાં ૫.૯ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ત્યારબાદ આ વર્ષે નોંધાયેલું ૬ ડિગ્રી તાપમાન દાયકાની સૌથી વધુ ઠંડી દર્શાવે છે.

તીવ્ર ઠંડી અને શીતલહેરના કારણે જનજીવન પર વ્યાપક અસર જોવા મળી રહી છે. વહેલી સવારથી જ રસ્તાઓ સૂમસામ ભાસે છે અને લોકો ઠંડીથી બચવા માટે તાપણાં અને ગરમ વસ્ત્રોનો સહારો લઈ રહ્યા છે. પવનની ગતિમાં થયેલા વધારાને કારણે ચિલ્ડ ફેક્ટરની અસર અનુભવાઈ રહી છે, જેનાથી ઠંડીની તીવ્રતા વધુ આકરી લાગી રહી છે.

નિષ્ણાતોના મતે ઉત્તર ભારતમાં થયેલી હિમવર્ષા અને ત્યાંથી આવતા ઠંડા પવનોને કારણે અમરેલી સહિત સમગ્ર પંથકમાં ઠંડીનું મોજું ફરી વળ્યું છે. આગામી થોડા દિવસો સુધી હજુ પણ તાપમાન નીચું રહેવાની શક્યતા છે. પરંતુ સામાન્ય નાગરિકો માટે આ હાડ થીજવતી ઠંડી મુશ્કેલીઓ વધારી રહી છે.

નોંધનીય છે કે, ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ નલિયામાં લઘુતમ તાપમાન સામાન્ય કરતા ૬.૧ ડિગ્રી ઘટીને ૩.૮ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયું હતું. આ સિઝનનું આ અત્યાર સુધીનું સૌથી નીચું તાપમાન હતું. જેથી પરિસ્થિતિ એવી છે કે નલિયાના કેટલાક ભાગોમાં વહેલી સવારે બરફની પાતળી પરત જામી હોવાના કિસ્સા પણ સામે આવ્યા હતા.

# બાબરામાં મકરસંક્રાતિનાં પર્વ કાપ્યો છે, લપેટ લપેટના નાદ સાથે આકાશ પતંગોથી છવાયું



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

સમગ્ર ગુજરાતની સાથે બાબરા શહેરમાં પણ આજે મકરસક્રાતિના પર્વની પરંપરાગત ઉત્સાહઅનેઉમંગસાથેઉજવણીકરવામાં આવી હતી. વહેલી સવારથી જ શહેરના આબાલ–વૃધ્ધ સૌ કોઈ પરિવાર સાથે અગમસીમાંપતંગબાજીનોઆનંદમાણતા નજરે પડયા હતા. સંગીતના તાલે અને પારિવારિક માહોલમાં ઉજવણી આ વર્ષે પવનની ગતિ સાનુકૂળ રહેતા પતંગરસિયાઓનેપતંગચગાવવાનીભારે મજા પડી હતી. શહેરની ગલીઓ અને સોસાયટીઓમાંવહેલીસવારથીજમ્યુઝિક સિસ્ટમના તાલે ગીત–સંગીતના સથવારે પરિવારો અગાસીમાં એકઠા થયા હતા. પતંગ કાપવાની સાથે જ કાપ્યો છે. લપેટ લપેટની ચીસો અને બુમરાણથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠયું હતું. ઉત્તરાયણનો આનંદ માત્ર પતંગબાજી પૂરતો મર્યાદિત ન રહેતા ખાણી–પીણીમાં પણ જોવા મળ્યો હતો. બાબરાવાસીઓએ પતંગબાજીની સાથે શેરડી, સાની, મમરાના લાડુ અને તલની ચીકીની જિયાફત માણી હતી. ખાસ કરીને માહોલમાં ગરમા–ગરમ ઊંધીયું અને જલેબીની પણ ઠેર ઠેર જમાવટ જોવા મળી હતી. સાંજના સમયે પણ આકાશ રંગબેરંગી પતંગોથી ભરાયેલું જોવા મળ્યું હતું. નાના બાળકોથી લઈને વડીલો સુધી સૌ કોઈ આ પર્વમાં મશગૂલ જણાતા હતા. આમ બાબરા શહેરમાં મકરસક્રાંતિનું પર્વ પરસ્પર પ્રેમ અને આનંદ–મસ્તી સાથે સૌએ હળીમળીને ઉજવ્યું હતું.

## બાબરાના ઘુઘરાળા ગામના ચકચારી એટ્રોસીટી કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

અમરેલી, તા. ૧૫

બાબરા તાલુકાના ઘુઘરાળા ગામે વર્ષ ૨૦૧૯માં નોંધાયેલા મારામારી અને એટ્રોસીટી એક્ટ હેઠળના ગંભીર ગુનામાં અમરેલીની એડી. સેશન્સ કોર્ટએ મહત્વનો ચુકાદો આપ્યો છે. આ કેસમાં ફરિયાદી પક્ષ પોતાનો કેસ શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ રહેતા, અદાલતે આરોપીને તમામ આરોપોમાંથી મુકત કરવાનો હુકમ કર્યો છે.

આ કેસની વિગત નીચે મુજબ છે, બાબરાનાં ઘુઘરાળા ગામના આરોપી એભલભાઈ દેવાયતભાઈ મકવાણાએ ફરિયાદીને બોથડ પદાર્થ વડે ગંભીર ઈજા પહોંચાડેલ અને અપમાનિત કરેલ હોવા સંબંધેનાં આક્ષેપ કરી, આરોપી વિરૂધ્ધ આઈ.પી.સી. કલમ ૩૨૪, ૫૦૪ તથા એટ્રોસીટી એક્ટની કલમ–૩ (૧) છ, જ તથા ૩(૨)૫(અ) વિગેરે હેઠળ બાબરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. આ કેસ અમરેલીના સ્પેશિયલ જજ અને એડી. સેશન્સ જજ સમક્ષ ચાલેલ, આ



કામમાં આરોપી પક્ષે સિનિયર એડવોકેટ આર.એસ. ખીમસુરીયાએ ઉચ્ચ ન્યાયલાયોની ઓથોરિટીનો આધાર લઈ દલીલો રજૂ કરી હતી કે ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલા પુરાવાઓમાં ગંભીર વિરોધાભાસ છે અને આરોપી વિઢદ્ધના આક્ષેપો સાબિત થતા નથી. બચાવ પક્ષની તથ્યપૂર્ણ રજૂઆતોને ગ્રાહ્ય રાખી આરોપી એભલભાઈ મકવાણાને નિર્દોષ છોડી મૂકવાનો આદેશ કર્યો હતા, આરોપીપક્ષએ સિનિયર એડવોકેટ આર.એસ. ખીમસુરીયા રોકાયેલ હતા.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૭૦ | ૧૩૯૦ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૧૨૬૫ | ૧૨૬૫ |
| ૩ | ગીરનાર શીંગ | ૧૦૦૦ | ૧૪૧૦ |
| ૪ | શિંગ મોટી | ૮૨૦ | ૧૩૯૦ |
| ૫ | શિંગદાણા | ૧૦૦૦ | ૧૪૬૦ |
| ૬ | તલ સફેદ | ૧૦૦૦ | ૨૧૫૫ |
| ૭ | તલ કાળા | ૨૯૦૦ | ૩૧૪૦ |
| ૮ | જુવાર | ૭૨૫ | ૧૦૦૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૬૦ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૮૫ | ૫૪૫ |
| ૧૧ | મગ | ૬૦૦ | ૧૦૩૫ |
| ૧૨ | અડદ | ૧૦૬૫ | ૧૨૦૦ |
| ૧૩ | ચણા | ૯૦૦ | ૧૦૮૫ |
| ૧૪ | સફેદ ચણા | ૯૦૦ | ૧૦૮૫ |
| ૧૫ | છોલે ચણા | ૧૩૦૦ | ૧૬૪૫ |
| ૧૬ | તુવેર | ૮૩૦ | ૧૪૪૫ |
| ૧૭ | કપાસ | ૧૦૮૫ | ૧૬૭૫ |
| ૧૮ | એરંડા | ૧૧૧૦ | ૧૨૬૫ |
| ૧૯ | જીરૂ | ૩૧૬૦ | ૪૧૪૦ |
| ૨૦ | રાય | ૧૭૮૦ | ૧૭૯૦ |
| ૨૧ | ધાણા | ૧૨૮૫ | ૧૮૪૫ |
| ૨૨ | મેથી | ૯૨૦ | ૧૦૦૫ |
| ૨૩ | સોયાબીન | ૯૩૦ | ૯૯૫ |
| ૨૪ | મરચા લાંબા | ૯૯૦ | ૪૯૪૦ |

પાના ૧ ઉપરનું ચાલું **સાવરકુંડલાના દાધિયા ગામે**

ફોન કયાંક પડી ગયેલ હોય, જેમાં લગ્નના તથા પોતાના દિકરાના તથા પોતાના જુની યાદોના ફોટો ગ્રાફસ / વિડીઓ હોય અને નવો ફોન લેવા પૈસા ન હોય જેથી તેણીને મનમાં લાગી આવતા ગત તા.૧૪ ના બપોરના આશરે ૧૨ વાગ્યા આસપાસ દાધિયા ગામે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લેતાં તેણીનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં આ બનાવ અંગે સાવરકુંડલા વિભાગીય પોલીસ વડા એન.બી.ગોરડીયાએ તપાસ હાથ ધરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **વિધાસભાનાં તત્કાલીન નિયામક**

નોઅભ્યાસ કર્યો નહી હોય કે ભૂતકાળનાં કાળા કર્મો સામે આંખ આડા કાન ધરીને નિમણૂંક આપી દેશે તે અંગે અનેકવિધ અટકળો થઈ રહી છે.

સૌથી મોટુ આશ્ચર્ય એ છે કે હજુ સુધી આ ઈસમ વિરૂધ્ધ કોઈ કાનૂની કાર્યવાહી થઈ નથી. મહિલા સશકિતકરણની ગુલબાંગો વચ્ચે આ ઈસમને બચાવવાનો પ્રયાસ થઈ રહ્યો હોય તેવું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે.

કોંગ્રેસ પક્ષનાં મહિલા નેતા જેનીબેન ઠુંમર, એનએસયુઆઈ ધ્વારા વિરોધ થઈ રહ્યો છે. પરંતુ સત્તા પક્ષનાં એકપણ આગેવાન આ મામલે કશું નિવેદન આપતા નથી.

પાના ૮ ઉપરનું ચાલું **વિકાસની પતંગ હવામાં**

અવરજવર સહિતની સુરક્ષા મળવી જોઈએ અને તેની જવાબદારી સુધરાઈ સભ્યથી લઈને સંસદસભ્યની હોય છે.

પરંતુ, અમરેલીમાં ઠેકઠેકાણે ગંદકી, બિસ્માર માર્ગો, ખુલ્લી ગટરો, ફૂટપાથ અને જાહેર માર્ગો ઉપર કેબિનો, રેંકડીઓનું દબાણ, આડેધડ વાહનોનું પાર્કિંગ અને સૌથી મોટી સમસ્યા રખડતા પશુઓની છે. શહેરનાં અનેક રહેણાંક વિસ્તાર ઢોરવાડામાં છે કે ઢોરવાડા રહેણાંક વિસ્તારમાં છે તે સમજી શકાતુ નથી.

શહેરનાં ક્રીમ વિસ્તાર પૈકીનાં શિવપાર્ક અને યુમના પાર્ક વિસ્તારમાં રખડતા ઢોર, ગંદકી અને સ્ટ્રીટલાઈટનો અભાવ જેવી ત્રિવેણી સમસ્યાનો સંગમ જોવા મળી રહ્યો છે. અવારનવાર પાલિકાનાં શાસકોને રજૂઆત કરવા છતાં પણ કોઈ જ પરિણામ મળતું ન હોય સત્તાપક્ષનાં ટોચનાં આગેવાનોએ સમસ્યાનું નિરાકરણ કરવું જોઈએ તેવું લાગી રહ્યું છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૪૦ | ૧૫૫૦ |
| ૨ | મગફળી | ૧૦૩૧ | ૧૧૯૦ |
| ૩ | તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૩૭૫ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૦ | ૧૪૦૦ |
| ૩ | તલ સફેદ | ૧૯૦૦ | – |
| ૪ | જીરૂ | ૩૬૮૬ | ૪૨૫૦ |
| ૫ | કપાસ | ૧૨૫૦ | ૧૫૯૫ |
| ૬ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૫૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૨૦ | ૫૪૪ |
| ૮ | મગ | ૧૧૧૨ | – |
| ૯ | ચણા | ૯૦૦ | ૧૦૧૨ |
| ૧૦ | તુવેર | ૧૩૧૬ | ૧૪૭૫ |
| ૧૧ | મેથી | ૧૦૨૨ | – |
| ૧૨ | ધાણા | ૧૨૦૦ | ૧૫૦૧ |

## ભુવા મુકામે સેફ ટચ, અનસેફ ટચ અંગે જનજાગૃત્તિ સેમિનાર યોજાયો

અમરેલી, તા. ૧૫

સાવરકુંડલાના ભુવા મુકામે પ્રાથમિક શાળા ખાતે સેફ ટચ, અનસેફ ટચ અંગે જનજાગૃત્તિ સેમિનાર યોજાયો હતો. આ કાર્યક્રમમાં બેટી બચાવો, બેટી પઢાઓ યોજના વિષયક માહિતી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યુ હતુ. સાથે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન ડબલ્યુ પી.સી. સ્ટાફ દ્વારા સેફ ટચ, અનસેફ ટચ અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યુ હતુ. મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ અંગે પણ માહિતી પૂરી પાડવામાં આવી હતી તેમ અમરેલી જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૬૫ | ૧૬૪૪ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૩૮૦ | ૧૪૬૦ |
| ૩ | મગફળી | ૧૧૧૨ | ૧૩૫૮ |
| ૪ | તલ સફેદ | ૧૬૭૫ | ૧૮૮૫ |
| ૫ | જીરૂ | ૩૨૨૦ | ૪૧૯૦ |
| ૬ | ઘઉં | ૪૭૫ | ૫૦૫ |
| ૭ | ચણા | ૯૩૫ | ૧૦૪૫ |
| ૮ | તુવેર | ૯૮૫ | ૧૨૯૫ |
| ૯ | સોયાબીન | ૭૮૯ | ૯૪૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦૯૫ | ૧૩૫૦ |
| ૨ | ચણા | ૭૦૫ | ૧૦૦૦ |
| ૩ | શીંગદાણા | ૧૪૦૧ | ૧૪૦૧ |
| ૪ | સોયાબીન | ૭૭૫ | ૯૭૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૩૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૨૨ | ૫૩૬ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૩૦ |
| ૪ | ચણા | ૭૦૦ | ૧૦૨૯ |
| ૫ | ધાણા | ૧૫૦૦ | ૧૬૦૦ |
| ૬ | અડદ | ૭૦૦ | ૧૨૦૦ |
| ૭ | સોયાબીન | ૫૭૦ | ૯૬૧ |
| ૮ | મગફળી | ૯૩૦ | ૧૩૫૦ |
| ૯ | જુવાર | ૫૦૦ | ૬૯૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૩૫૫ | ૧૪૦૦ |
| ૧૧ | લસણ | ૫૦૦ | ૬૧૦ |
| ૧૨ | ચણા સફેદ | ૧૦૧૧ | ૧૦૧૧ |

## કડકડતી ઠંડીથી સૌ ધ્રુજી ગયા
## અમરેલીમાં તાપમાનનો પારો ૬ ડીગ્રી સુધી નીચે આવ્યો

### ચાલુ મૌસમમાં સૌથી વધુ ઠંડી



અમરેલી, તા. ૧૫

અમરેલી શહેર સહિત સમગ્ર જિલ્લામાં શિયાળાની કડકડતી ઠંડીની શરૂઆત થવા પામેલ છે. ત્યારે ગુજરાતમાં સેથી નીચું તાપમાન અમરેલીમાં સૌપ્રથમ વખત ૬ ડિગ્રી જેટલું નીચે આવી જતાં લોકોએ પ્રથમ વખત આજે ચાલુ શિયાળામાં કડકડતી ઠંડીનો અનુભવ કર્યો હતો.

ગઈકાલે મકરસંક્રાંતિની ઉજવણી કર્યા બાદ આજે સવાર સવારમાં બાળકો તથા યુવાનો સ્કૂલ કોલેજ જતા હતાં ત્યારે આજની કડકડતી ઠંડીમાં નવા નવા રંગબેરંગી ગરમ કપડાં પહેરી સ્કૂલ જતા જોતાં મળ્યા હતા. તો બીજી તરફ સવારે માર્નિંગ વોકમાં નીકળેલા લોકોએ પણ શિયાળાની કડકડતી ઠંડીમાં ઠુઠવાતા જોવા મળ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લાની ભેગોલિક પરીસ્થિતિ જ કંઈ એવી છે કે, અમરેલી જિલ્લામાં સૌથી વધારે ગરમી પડે છે, સૌથી વધુ વરસાદ અને ઠંડી પણ પ્રમાણમાં વધારે પડતી હોય છે. ડીસેમ્બર જાન્યુઆરી મહિનામાં અહીંનું સામાન્ય રીતે લઘુતમ તાપમાન ૬ થી ૮ ડીગ્રી સે. થઈ જાય છે.

આજની તારીખે અમરેલીનું લઘુતમ ૬ ડીગ્રી નોંધાયું હતું. જયારે મહતમ તાપમાન ૨૮.૯, ભેજનું પ્રમાણ ૬૯ ટકા જયારે પવનની ગતિ ૧–૨ કી.મી. નોંધાયેલ છે.


## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૪૦ | ૧૫૭૫ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૩૭૫ | ૩૭૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૦૦ | ૧૨૮૧ |
| ૨ | કપાસ | ૯૦૦ | ૧૫૭૫ |
| ૩ | બાજરો | ૩૪૦ | ૪૨૫ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૨૬ | ૫૫૧ |
| ૫ | જુવાર | ૭૫૧ | ૧૦૭૫ |
| ૬ | મકાઈ | ૫૬૫ | ૫૬૫ |
| ૭ | મગ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ૮ | અડદ | ૭૫૦ | ૮૦૦ |
| ૯ | તુવેર | ૧૩૨૫ | ૧૩૫૨ |
| ૧૦ | ચણા | ૯૦૦ | ૯૦૦ |

# સાવરકુંડલા : પવનની પાંખી હાજરી છતાં પતંગ રસિયાઓનો ઉત્સાહ આસમાને




સાવરકુંડલાના લોકો માટે મકરસંક્રાંતિ એટલે માત્ર પતંગબાજી નહીં, પણ સ્વાદનો ઉત્સવ. બપોરના સમયે અગાસીઓ પર જ ઊંધિયું, રોટલી, બાસુંદી અને રબડીના જમણ જામ્યા હતા. દિવસભર શેરડી, ચવાણું, તલ–મમરાના લાડુ અને સીંગની ચીક્કીની જયાફત ઉડાવતા લોકો જોવા મળ્યા હતા. શહેરની બજારોમાં પણ શેરડી અને ઊંધિયાનું વેચાણ ચપોચપ થઈ ગયું હતું. જો કે, આ વર્ષે કુદરતે પતંગબાજોની થોડી કસોટી કરી હતી. સવારથી જ પવનની ગતિ ધીમી રહેતા ઘણા પતંગ રસિયાઓના પતંગો ઉડાવ્યા વગર જ પડી રહ્યા હતા. પવન પૂરી યારી ન આપતા પતંગબાજોમાં થોડી નિરાશા વ્યાપી હતી, નાના ભૂલકાઓ ફુગ્ગાઓ તેમજ ભિન્ન ભિન્ન આકૃતિ દર્શાવતા મોર, માછલી જેવા ગેસ ભરેલા ફુગ્ગાઓ ઉડાડી પતંગ ઉડાડવાનો નિર્દોષ આનંદ લેતા જોવા મળેલ. જેવા પતંગ કપાય ત્યારે એ કાપી. એ ગઈ જેવા નાદથી આકાશ ગુંજી ઊઠ્યું જો કે પવનનું પ્રમાણ ઓછું હતું પણ બ્યુગલોના નાદ અને ફિલ્મી ગીતોની રમઝટ સાથે વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. મકરસંક્રાંતિના પવિત્ર દિવસે સાવરકુંડલાની સેવાકીય પરંપરા પણ અકબંધ રહી હતી. વહેલી સવારથી જ ગાયોને ઘાસચારો અને ઘઉં–બાજરીની ઘુઘરી ખવડાવવા લોકોની ભીડ જામી હતી. ।નોને લાડુ અને રોટલા પીરસીને લોકોએ જીવદયાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડયું હતું. બ્રાહ્મણોને સીધું અને દાન–દક્ષિણા આપી નગરજનોએ પુણ્યનું ભાથું બાંધ્યું હતું. આમ, પવનની ઓછી ગતિ વચ્ચે પણ સાવરકુંડલાના શહેરીજનોએ પૂરા ઉમંગ અને ભકિતભાવ સાથે મકરસંક્રાંતિના પર્વને યાદગાર બનાવ્યું હતું.

# બાબરાનાં ચમારડી અને ખાખરીયા ગામે પૃથ્વી સમ્રાટ માંધાતાની જન્મજયંતી ઉજવાઈ

## સમગ્ર કોળી સમાજમાં ઉત્સાહનો માહોલ ઉભો થયો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૫

બાબરા સમસ્ત કોળી સમાજના ઈષ્ટદેવ અને પૃથ્વી સમ્રાટ ભગવાન માંધાતાની જન્મજયંતિ નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૪મી જાન્યુઆરીના રોજ બાબરા તાલુકાના વિવિધ ગામોમાં ભારે ઉત્સાહ અને ભકિતમય માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. ખાસ કરીને ચમારડી અને ખાખરીયા ગામે યોજાયેલા કાર્યક્રમોમાં સમાજના અગ્રણીઓ અને યુવાનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

બાબરા તાલુકાના ખાખરીયા ગામે સમસ્ત કોળી યુવા સમાજના અગ્રણી અને સરપંચ વિપુલભાઈ કાચેલાના અધ્યક્ષ સ્થાને વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. અહીં ભગવાન માંધાતાના ફોટાને ફૂલહાર કરી, વિધિવત પૂજન–અર્ચન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત યુવાનોએ ભગવાન માંધાતાના જયઘોષ સાથે વાતાવરણને ગુંજવી દીધું હતું. આ પ્રસંગે ગામના કોળી સમાજના યુવાનો મોટી સંખ્યામાં હાજર રહી એકતાના દર્શન કરાવ્યા હતા.

બીજી તરફ, ચમારડી ગામે જિલ્લા પંચાયતના સભ્ય અને કોળી સમાજના પ્રખર અગ્રણી નીતિનભાઈ રાઠોડના અધ્યક્ષ સ્થાને ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ગામમાં સ્થાપિત ભગવાન માંધાતાની પ્રતિમાને નીતિનભાઈ રાઠોડ તથા તાલુકાના અન્ય અગ્રણીઓ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. પૂજન–અર્ચન બાદ સમાજના શ્રેષ્ઠીઓએ ભગવાન માંધાતાના જીવન અને શૌર્ય વિશે વાતો કરી હતી.

સમાજમાં અનેરો ઉત્સાહ સમસ્ત કોળી સમાજના આસ્થાના કેન્દ્ર સમાન ભગવાન માંધાતાની જન્મજયંતિ દર વર્ષે બાબરા પંથકમાં ધામધૂમથી ઉજવાય છે. આ વર્ષે પણ ૧૪મી જાન્યુઆરીએ પરંપરાગત રીતે શ્રદ્ધાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર તાલુકામાં કોળી સમાજના અગ્રણીઓ અને યુવા સંગઠનો દ્વારા થયેલી આ ઉજવણીથી સમાજમાં હર્ષની લાગણી જોવા મળી હતી.

# ચલાલા : ભારતભૂષણ મહેશભાઈ મહેતાનો આજે જન્મદિવસ



ચલાલા, તા. ૧૫

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલાના મેનેજિંગ ટ્રસ્ટી પ.પુ.સંત ડો.રતિદાદાના સુપુત્ર તથા સમાજસેવામાં સદા અગ્રેસર રહેતા ભારતભૂષણ મહેશભાઈ મહેતાનો આજે જન્મદિન છે. આ પ્રસંગે સમગ્ર સમાજ, સંસ્થાઓ અને સેવાભાવી વર્તુળોમાં આનંદ અને ગૌરવની લાગણી વ્યાપી છે.

ભારતભૂષણ મહેશભાઈ મહેતા સેવા, સંસ્કાર અને સમાજ ઘડતરનું જીવતું પ્રેરણાસ્રોત છે. તેમના દુરદર્શી માર્ગદર્શન અને અવિરત પ્રયત્નોથી યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ અંતર્ગત અનેક સેવાકીય પ્રવૃત્તિઓ સફળતાપૂર્વક ચાલે છે. શિક્ષણ, સંસ્કૃતિ, રાષ્ટ્રસેવા અને માનવતાના ક્ષેત્રે તેમનું યોગદાન અતિમૂલ્યવાન રહ્યું છે.

તેમના માર્ગદર્શન હેઠળ ચાલતી ગાયત્રી સંસ્કાર વિદ્યાલય, હરિબા મહિલા કોલેજો, રક્ષા શકિત ગર્લ્સ સ્કૂલ તથા સંસ્કૃત શકિત ગુરૂકુળ આજે ગુણવત્તાસભર શિક્ષણ અને સંસ્કારનો દીપ પ્રજવલિત કરી રહી છે. ખાસ કરીને યુવાનોમાં દેશપ્રેમ, શિસ્ત, સંસ્કૃતિ અને જવાબદારીનો ભાવ વિકસે તે માટે તેઓ સતત પ્રયત્નશીલ રહે છે. વૃદ્ધાશ્રમ દ્વારા નિરાધાર અને વયસ્કોને સન્માનસભર જીવન મળે તે માટેની તેમની સંવેદનશીલ દષ્ટિ સમાજ માટે આશીર્વાદ સમાન છે. ગૌસેવા પ્રત્યેની તેમની આસ્થા અને પ્રતિબદ્ધતા ભારતીય સંસ્કૃતિ અને પરંપરાના સંરક્ષણ માટે મહત્વપૂર્ણ ગણાય છે. ગૌશાળામાં ગૌમાતાની સેવા સાથે સાથે સમાજમાં ગૌરક્ષણ અને કરૂણાની ભાવનાને પ્રોત્સાહન આપવામાં આવે છે.

આ જન્મદિને તેમના આરોગ્ય, દીર્ઘાયુ અને વધુ ને વધુ સેવાકીય કાર્યો માટે સમગ્ર સમાજ તરફથી શુભેચ્છાઓ તથા અભિનંદન પાઠવવામાં આવે છે. તેમનું જીવન યુવા પેઢી માટે પ્રેરણારૂપ બની રહે તેવી પ્રાર્થના સાથે જન્મદિનની હાર્દિક શુભકામનાઓ.

## ધારાસભ્ય જનક તળાવીયાની રજુઆત સફળ

# બાબરા : મોટા દેવળીયા ગામે દોઢ કરોડનાં ખર્ચે સુવિધાપથ બનાવવામાં આવશે

## સમગ્ર ગ્રામજનોમાં ખુશીનો માહોલ



અમરેલી, તા. ૧૫

બાબરા તાલુકાના મોટા દેવળીયા ગામે આંતરિક માર્ગ સુવિધા માટે રાજય સરકાર દ્વારા રૂા. ૧.૫૦ કરોડના ખર્ચે સુવિધાપથ (સી.સી.રોડ) મંજૂર કરવામાં આવ્યો છે. આ મહત્વપૂર્ણ વિકાસ કાર્ય માટે સ્થાનિક ધારાસભ્ય જનક તળાવીયાની સતત રજૂઆત અને પ્રયત્નો ફળ્યા હોવાનું ગ્રામજનોમાં આનંદ અને સંતોષની લાગણી જોવા મળી રહી છે.

મોટા દેવળીયા ગામે વસવાટ કરતા નાગરિકો, ખેડૂતો, વિદ્યાર્થીઓ તેમજ વેપારીઓને વર્ષોથી ખરાબ માર્ગોના કારણે અવર–જવર કરવામાં ભારે મુશ્કેલી પડી રહી હતી.ખાસ કરીને વરસાદી ૠતુ દરમિયાન કાચા તથા જર્જરિત રસ્તાઓ કારણે રોજિંદી આવાગમન, શાળા–કોલેજ, આરોગ્ય સેવા તથા ખેતી સંબંધિત વાહન વ્યવહાર અસરગ્રસ્ત થતો હતો. આ સમસ્યાને ધ્યાનમાં રાખી ધારાસભ્યએ સરકાર સમક્ષ વારંવાર રજૂઆત કરી હતી.

ધારાસભ્યની સક્રિય આગેવાની અને વિકાસલક્ષી અભિગમના પરિણામે રાજય સરકારે રૂા. ૧.૫૦ કરોડના ખર્ચે આધુનિક સુવિધાઓથી સજ્જ સી.સી.રોડને મંજૂરી આપી છે. આ માર્ગ બનવાથી ગામના આંતરિક રસ્તાઓ મજબૂત બનશે, ટ્રાફિક સુવ્યવસ્થિત થશે અને ગ્રામજનોને વર્ષો સુધી ટકાઉ અને સુરક્ષિત માર્ગ સુવિધા પ્રાપ્ત થશે.

આ મંજૂરી મળતાં મોટા દેવળીયા ગામના સરપંચ, ગ્રામ પંચાયતના સભ્યો, આગેવાનો તથા ગ્રામજનોએ ધારાસભ્યનો આભાર વ્યક્ત કર્યો છે. ગ્રામજનોએ જણાવ્યું કે, જનકભાઈ તળાવીયા હંમેશા ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે પ્રતિબદ્ધ રહ્યા છે અને અમારા ગામની વર્ષોથી અટવાયેલી માંગને પૂરી કરી છે.

ધારાસભ્યએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, મારા વિસ્તારના દરેક ગામમાં મૂળભૂત સુવિધાઓ પહોંચે તે મારી પ્રથમ પ્રાથમિકતા છે. મોટા દેવળીયા ગામે મંજૂર થયેલ આ સી.સી. રોડ ગામના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આવનારા સમયમાં પણ બાબરા તાલુકાના દરેક ગામના વિકાસ માટે હું સતત પ્રયત્નશીલ રહીશ.

આ વિકાસ કાર્યથી મોટા દેવળીયા ગામે પ્રગતિના નવા દ્વાર ખુલશે અને ગ્રામ્ય જીવન વધુ સુખાકારી બનશે તેવો વિશ્વાસ સ્થાનિકોમાં વ્યક્ત થઈ રહ્યો છે.

## માનવી સાથે પશુઓ પણ તાપણાના સહારે

# સાવરકુંડલના ગ્રામ્ય વિસ્તારમાં ઠંડીનો બીજો રાઉન્ડ શરૂ થતાં સૌ ઠુંઠવાયા

## આંબરડી ગામે શ્વાન અને ગાય પણ તાપણાના સહારે



તસ્વીર : સુભાષ સોલંકી–આંબરડી

આંબરડી, તા. ૧૫

શિયાળાનાં પ્રારંભે ઠંડીની અસર નહિવત વર્તાઈ હતી પરંતુ લાંબા સમય બાદ શિયાળુ ૠતુમાં ઠંડીની પ્રથમ લહેર વર્તાઈ હતી જે માત્ર ૩ દિવસ સુધી રહી હતી. સમગ્ર અમરેલી જિલ્લામાં તાપમાનનો પારો સતત દિવસે ને દિવસે ગગડો જઈ રહ્યો છે. ત્યારે ફરી એકવાર ઠંડીનો બીજો રાઉન્ડ શરૂ થયો છે. સમગ્ર રાજયમાં નલિયા બાદ અમરેલી જિલ્લો ઠંડીમાં બીજા ક્રમે રહ્યો છે. હાલના દિવસોમાં તાપમાનનો પારો આજે ૮ ડિગ્રી (અન ઓફિસિયલ) જેટલો અનુભવતા સમગ્ર પંથકમાં શીત લહેર છવાઈ હતી. ઠંડીથી બચવા લોકો અલગ અલગ નુસખા અપનાવતા હોય છે. ત્યારે સાવરકુંડલાનાં આંબરડી ગામે મોડી રાત્રે ઠંડીથી બચવા લોકોએ તાપણાનો સહારો લીધો હતો. ત્યારે શ્વાન અને ગાય જેવા અબોલ પશુ પણ ઠંડીથી રક્ષણ મેળવવા તાપણાનાં સહારે જોવા મળ્યા હતા.

# લીલીયા : પોલીસે વિખુટા પડેલ બાળકનું પિતા સાથે કરાવ્યું મિલન



લીલીયા મોટા, તા. ૧૫

લીલીયા ટાઉન વિસ્તારમાં એક સાત વર્ષનું બાળક પોતાના પિતા સાથે લીલીયા ટાઉન વિસ્તારમાં આવેલ હોય જે દરમિયાન બાળક પોતાના પિતાથી વિખૂટું પડી જતા બાળકના માથાના ભાગે ઈઝા થયેલ હોવાથી સ્થાનિક લીલીયા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એમ.ડી.સાલૂંકેની સુચના અન્વયે સર્વલેન્સના ઈન્ચાર્જ ભુજબલદાન ગઢવી તથા હોમગાર્ડ સુરેશ કુકવાએ સાથે રહી લીલીયા થી નજીક આવેલ ગોઢાવદર ગામે બાળકના માતા પિતા વિનુભાઈ વશરામભાઈ ભુવા ના ખેતર રહેતા હોય જેમની જાણકારી બાળક દ્વારા અપાતા લીલીયા પોલીસ દ્વારા પ્રથમ બાળકની સારવાર કરાવેલ અને ત્યારબાદ આ બાળકને તેના માતા પિતા સાથે ગોઢાવદર ગામની સીમમાં જઈ સુખદ મિલન કરાવતા થોડીવાર માટે વાતાવરણ ભાવુક બની ગયેલ અને બાળક ના માતા પિતા દ્વારા લીલીયા પોલીસનો આભાર માનવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## ઉમિયાધામનાં પ્રમુખ બાબુભાઈ પટેલ સંગાથે

# જિલ્લા પંચાયતનાં ભાજપી સદસ્યનાં નિવાસ સ્થાને પૂર્વ કેબિનેટ મંત્રી

## સ્થાનિક ભાજપનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા. ૧૫

બાબરા તાલુકા સહિત લાઠી–દામનગર વિસ્તાર હાલ રાજકીય ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. ગુજરાત સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી અને ભારતીય જનતા પાર્ટીના અગ્રણી નેતા ભુપેન્દ્રસિંહજી ચુડાસમા તેમજ ઉમિયાધામ, ઊંઝાના પ્રમુખ, દસકોઈના ધારાસભ્ય અને ગુજરાત ભાજપના વરિષ્ઠ નેતા બાબુભાઈ જમનાદાસભાઈ પટેલ ધ્વારા બાબરા જિલ્લા પંચાયતના સભ્ય હિંમતભાઈ દેત્રોજાના નિવાસ સ્થાને શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી.

આ શુભ અવસરે જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસીયા, બાબરા શહેર ભાજપ પ્રમુખ કીરીટભાઈ પરવાડીયા, તાલુકા ભાજપ મહામંત્રી રાજુભાઈ વિરોજા સહિત દેત્રોજા પરિવાર ધ્વારા મહેમાનોનું ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું.

મુલાકાત દરમિયાન હિંમતભાઈ દેત્રોજા ધ્વારા લાઠી–૯૬ વિધાનસભા બેઠકની વર્તમાન રાજકીય પરિસ્થિતિ, સંગઠનાત્મક પ્રવૃત્તિઓ તથા સ્થાનિક જનભાવનાઓ અંગે વિગતવાર માહિતી રજૂ કરવામાં આવી હતી.

આ પ્રસંગે ભુપેન્દ્રસિંહજી ચુડાસમા તથા અન્ય વરિષ્ઠ નેતાઓએ સંગઠનને વધુ મજબૂત બનાવવા માર્ગદર્શન આપ્યું તેમજ કાર્યકરોને જનસંપર્ક અને લોકસેવાને વધુ સક્રિય બનાવવા પ્રોત્સાહિત કર્યા.

આ શુભેચ્છા મુલાકાત બાદ બાબરા, લાઠી અને દામનગર વિસ્તારની રાજકીય હલચલને નવી દિશા મળી હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

# રાજુલા : નેચર કલબ દ્વારા ચાઈનીઝ દોરીનો નાશ કરવામાં આવ્યો



રાજુલા, તા. ૧૫

રાજુલા મકરસંક્રાંતિ ઉતરાયણ પર્વની ઉજવણી ધામધુમથી થઈ છે. જેમાં પતંગની દોરી ઝાડ ઉપર, લાઈટના થાંભલા પર, રોડ પર હોય જે એકઠી કરવામાં આવી હતી. ચાઈનીઝ દોરી બહિષ્કાર, અબોલ પક્ષી પક્ષી બચાવો અભિયાન કાર્યક્રમ કરવામાં ૨૦ કિલોથી વધારે દોરી નાશ કરવામાં આવી હતી. રાજુલા પૂર્વ પ્રમુખ ચિરાગભાઈ બી. જોષી પક્ષી પ્રેમી તેમજ વિપુલભાઈ લહેરી નેચર કલબ પ્રમુખ જેઓ ૩૦ વર્ષથી આ કામગીરી કરે છે તથા બાળકો સાથે જોડાયેલા હતા. ચૈતન્ય લહેરી, યશ્વી લહેરી, શૈલજા વ્યાસ, જયવીર હર્ષ વાળા, સ્વરા રૂપારેલ, હેતારથ રૂષી જોષી, સાહિત્ય કલાકાર જશુભાઈ દવે, કેતનભાઈ દવે, કિર્તીભાઈ ચુડાસમા, પરાગભાઈ જોષી, ગૌરવભાઈ જોટંગીયા, ચિરાગ બી. જોષીએ શહેરમાં દોરી એકઠી કરી હતી. ચિરાગ બી. જોષીએ જણાવ્યું હતું કે, ચાઈનીઝ દોરી રહિષ્કાર કરવા અબોલ પક્ષી બચાવો દોરી દરેક લોકો જ નાશ કરી જાગૃતિ લાવવા અપીલ કરી હતી. નેચર કલબ પ્રમુખ વિપુલભાઈ લહેરીએ જણાવ્યું હતું કે દર વર્ષે પક્ષી દોરીમાં ફસાઈ ઘાયલ ન થાય તે માટે દોરી એકઠી કરવામાં આવી છે જે દોરી નાશ કરવામાં આવી હતી. બાળકો સાથે જોડાયેલા હતા

યશ્વી લહેરીએ જણાવ્યું કે રાજુલા શહેર વિસ્તારમાં નેચર કલબ ધ્વારા દોરીઓ એકઠી કરવામાં આવે દરેક લોકો અબોલ પક્ષીઓ અભિયાનમાં સાથે જોડાઈ તેવી અપીલ કરવામાં આવી હતી. ચિરાગ બી. જોષી ધ્વારા જણાવેલ કે દર વર્ષે દોરીઓ એકઠી કરવા ઝુંબેશ ચલાવવામાં આવે છે.

## ''બેટી પઢાઓ'' યોજના અન્વયે

# સાવરકુંડલાની કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં કિશોરી મેળો યોજાયો

## કિશોરીઓને હાઈજીન કીટનું વિતરણ

અમરેલી, તા. ૧૫

સાવરકુંડલા–લીલીયા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના અધ્યક્ષસ્થાને કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં કિશોરીઓ સાથે બેટી પઢાઓ યોજના અન્વયે કિશોરીમેળો યોજાયો હતો. આ મેળા દરમિયાન બેટી બચાવો, બેટી પઢાઓ યોજના વિષયક માહિતી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યુ હતુ. ઉપરાંત કિશોરીઓને હાઈજીન કીટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કિશોરીઓના સ્વાસ્થ્ય અને માસિક સ્વચ્છતા વિષયક પણ વિસ્તૃત માર્ગદર્શન પુરૂં પાડવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં આરોગ્ય વિભાગના આર.બી.એસ.કે. સ્ટાફ દ્વારા આરોગ્યની તપાસણી પણ હાથ ધરવામાં આવી હતી. જેમાં કિશોરીઓના વજન, ઊંચાઈ, એચ.બી. ટેસ્ટ સાથે બ્લડ ગૃપ ચકાસણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ડોક્ટર ટીમ સહિતનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો તેમ અમરેલી જિલ્લા મહિલા અને બાળ અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

# અમરેલી : ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રહ્મસમાજ એકતાને બિરદાવતા એમ.જી. જોષી

અમરેલી, તા. ૧૫

અમરેલીનાં ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રહ્મસમાજના નોંધાયેલા સભ્યોની સામાન્ય સભામાં ટ્રસ્ટીમંડળની પસંદગી બિનહરીફ થઈ છે અને સમગ્ર સમાજે આ પસંદગીને આવકારી મજબુત બનાવવા સૌએ કમર કસી છે. આ વખતે સંગઠનને વધુ કાર્યશીલ બનાવવા મહિલા પાંખ અને યુવા પાંખ પણ વધુ સક્રિય થઈ છે. મહિલાઓ અને યુવાનોની ટ્રસ્ટી મંડળમાં પસંદગી થતાં ટ્રસ્ટીગણ વધુ મજબુત બન્યું છે.

સૌએ સાથે મળીને ભારતી બા વાડીના સંપૂર્ણ વિકાસ માટેના પ્રયત્નો શરૂ કરી દીધા છે વાડીમાં ત્રીજો માળ બને, લીફટની સગવડ થાય અને સોલાર સિસ્ટમની વ્યવસ્થા થાય તે માટેના હદયપૂર્વકના પ્રયત્નો સૌએ શરૂ કરી દીધા છે આ કાર્યમાં બધાને સહકાર આપવા અનુરોધ છે. બધી જ સગવડો સાથેની નમૂનેદાર વાડી બને તેવી સૌની ઈચ્છા છે નાગનાથ દાદાની દયાથી આ બધા કામ પાર પડશે તેવી શ્રધ્ધા છે આ બધી જ કામગીરીનો જશ વાડીના મુખ્યદાતા શાસ્ત્રીજી રમેશભાઈ ઠાકર અને તેમનાં કુટુંબને તથા પ્રમુખ તનસુખભાઈ ઠાકર અને તેમની ટીમને ફાળે જાય છે. આ બધાને અભિનંદન પાઠવી સૌનો આભાર વ્યકત કરેલ છે.

# રાજુલા ખાતે સંઘવી મહિલા કોલેજ ખાતે સ્વામી વિવેકાનંદની જન્મજયંતી ઉજવાઈ



રાજુલા એચ.બી. સંઘવી મહિલા આર્ટસ તથા કોમર્સ કોલેજ, રાજુલા ખાતે યુવા દિનની ઉજવણી આજરોજ કરાયેલ. આ સમારંભમાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ગૌરાંગભાઈ મહેતા તથા કોલેજના કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ તથા કેમ્પસ ડાયરેકટર ડો જીગ્નેશભાઈ વાજા તથા સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી તથા વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ યુવરાજભાઈ ચાંદુ તથા નિમેશભાઈ ઠાકર તથા કનૈયાલાલભાઈ જસવાણી તથા ગવર્મેન્ટ કોલેજ જાફરાબાદના આચાર્ય ડો. વિરલકુમાર શીલુ તથા પી.એસ.આઈ. પ્રકાશભાઈ કટાઈ તથા માતૃ શક્તિ સંસ્થાના પ્રમુખ વિભાબેન મહેતા, ઉપપ્રમુખ હેતલબેન મેખિયા તથા રાજુલા નગરપાલિકા સદસ્ય અર્ચનાબેન જોશી તથા બાપાસીતારામ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના આચાર્ય જાગૃતિબેન સેતા તથા જે.એ.સંઘવી હાઈસ્કૂલના નિવૃત્ત સુપરવાઈઝર અશોકભાઈ મહેતા તથા હનુમંત હોસ્પિટલ કાર્યકર વિનુભાઈ વોરા, વરિષ્ઠ પત્રકાર યોગેશભાઈ કાનાબાર તથા સહકાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં સ્વામી વિવેકાનંદના જીવન ઝરમર અને યુવાનોને પ્રેરણા તે અંતર્ગત સંયુક્ત કોલેજ વચ્ચે વકુત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં બહોળા પ્રમાણમાં વિદ્યાર્થીની બહેનોએ ભાગ લીધેલ. કાર્યક્રમની શરૂઆત સૌ પ્રથમ સુંદર પ્રાર્થનાથી કરવામાં આવી. પ્રાર્થનાનું ગાન કાશ્મીરાબેન શિયાળ ધ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ તમામ મહેમાનોનું પુષ્પગુચ્છ ધ્વારા સન્માન સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ કોલેજના આચાર્ય ડો. રીટાબેન રાવળ ધ્વારા મહેમાનો શાબ્દિક સ્વાગત અને પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવેલ. કોલેજના સ્પર્ધકોમાં સારો એવો ઉત્સાહ જોવામાં આવ્યો હતો. તમામ વિદ્યાર્થી ભાઈઓ બહેનોએ ભારતના વિરલ મહાપુરૂષ સ્વામી વિવેકાનંદના જન્મ અને જીવન કાર્યો તથા તેના રાષ્ટ્રને નામ સંદેશ અને માનવતા વાદી વિચારો ઉદાહરણ સાથે વર્ણવેલ. મંચસ્થ તમામ મહેમાનોએ સ્વામી વિવેકાનંદના પ્રેરણાત્મક વિચારો વિદ્યાર્થી સમક્ષ મુકેલ. વિરલકુમાર શીલુનું પ્રાસંગિક ઉદબોધન પ્રેરક રહેલ. પ્રથમ ક્રમાંકે પટાટ સોનલબેન દેવદાસભાઈ, દ્વિતીય જીંજાળા પાયલબેન આણંદભાઈ, તૃતીય ક્રમાંકે સોલંકી લાલજીભાઈ કાંતિભાઈ અગ્રક્રમે રહેલ. વકતૃત્વ સ્પર્ધાના ઈનામ તથા શીલ્ડ ડો.ખુમાણ તથા વિઠલાણી હિતેશ મોલ તરફથી વિદ્યાર્થી ભાઈ બહેનોને એનાયત કરવામાં આવેલ. આભારવિધિ પ્રો. નેહાબેન દરજી ધ્વારા કરવામાં આવેલ.

હવે... બદલાશે સારવારની પરીભાષા
(ગોળ હોસ્પિટલ)
24/7 Emergency Services
કાર્યરત વિભાગો
આયુષ્માન કાર્ડ અંતર્ગત તદ્દન મફત ઓપરેશન
યુરોલોજી (કિડની - પથરી - પ્રોસ્ટેટ)
આયુર્વેદ વિભાગ
પીડીયાટ્રીક્સ (બાળરોગ)
ક્રિટીકલ કેર અને મેડિસિન
ઈ.એન.ટી (કાન-નાક -ગળા)
આંખ વિભાગ
લેબોરેટરી
જનરલ સર્જરી
ગાયનેક અને આઈ.વી.એફ
ડાયાલિસીસ વિભાગ
સ્કિન વિભાગ (ચામડીના રોગ)
દાંત વિભાગ
ઓર્થોપેડિક અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ
ફિઝીયોથેરાપી વિભાગ
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિત્તલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

# જિલ્લાનાં મુખ્ય મથક અમરેલીની જમીન પર અગણિત સમસ્યા

# વિકાસની પતંગ હવામાં, વિવિધ પરેશાની જમીન ઉપર

શહેરમાં ઠેકઠેકાણે ગંદકી, બંધ સ્ટ્રીટલાઈટ, વિકરાળ ટ્રાફિક સમસ્યા અને ઠેકઠેકાણે કેબિનો અને રેકડિઓનું દબાણ

રહેણાંક વિસ્તારમાં ઢોરવાડો છે કે ઢોરવાડામાં રહેણાંક વિસ્તાર તે સમજાતુ નથી

નાગરિકો કરોડો રૂપિયાનો કરવેરો ભરે અને બદલામાં સુવિધાને બદલે સમસ્યા જ મળે છે

ભ્રષ્ટાચાર નામની બલ્લાએ પદાધિકારીઓ અને અધિકારીઓને ભરડો લીધો હોવાથી જનતા પરેશાન



અમરેલી, તા. ૧૫

એક તરફ મકરસંક્રાંતિ પર્વે સત્તા પક્ષનાં આગેવાનોએ આકાશમાં પતંગ ચગાવતી વેળા એવું જણાવ્યું કે, વિકાસનો પતંગ આસમાન બાજુ જઈ રહ્યો છે અને આગામી તમામ ચૂંટણીમાં સત્તા પક્ષનો પતંગ જ ઊંચે જવાનો છે. તેવા જ સમયે વિનાશની પરેશાની જમીન ઉપર ઉભી થયેલી જોવા મળી રહી છે. અમરેલી એ જિલ્લાનું મુખ્ય મથક છે. શહેરની જનસંખ્યાનો આંક દોઢ લાખને વટાવી ચુકયો છે. શહેરીજનોએ દર વર્ષે પાલિકાથી લઈને પાર્લામેન્ટની તિજોરીમાં પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે કરવેરા રૂપે કરોડો રૂપિયા જમા કરાવે અને બદલામાં શહેરીજનોને સ્વચ્છતા, ઉજાસ, ખુલ્લા માર્ગો, ઢોરમુક્ત

અનુસંધાન પાના ૬ ઉપર

## જિલ્લામાં માર્ગ અકસ્માતની સતત ઘટનાથી ચિંતા

# બગસરાનાં માણેકવાડા નજીક કાર સાથે કાર ટકરાતાં એક મહિલાનું મોત નિપજયુ

### અજાણ્યા કાર ચાલક નાસી જતાં તપાસ શરૂ

અમરેલી, તા. ૧૫

વિસાવદર તાલુકાના ભલગામ ગામે રહેતાં કૌશિકભાઈ બાલુભાઈ સાગઠીયા નામનાં ૨૫ વર્ષીય ખેડુત ગત તા.૧૩ ના રોજ ૫/૧૫ વાગ્યે પોતાના હવાલાની ફોરવ્હીલ ગાડી નં.જીજે ૧૪ એએ ૬૬૨૩માં પોતાના મોટા બહેન હેતલબેન જીગ્નેશભાઈ જાદવ તથા ભાણીયો હેતાંશને બેસાડી પોતાના ગામ જતા હોય તે દરમ્યાન નાના–મુંજીયાસર ગામના પાટીયાથી આગળ માણેકવાડા ગામ તરફ જતા રોડ પર સામેથી એક આછા બ્લુ કલરના ફોરવ્હીલ ચાલકે પોતાના હવાલાની ફોરવ્હીલ પુરઝડપે અને બે ફીકરાઈ રીતે ચલાવી ખેડૂતની ફોરવ્હીલના પાછળના ભાગે અથડાવતા ખેડૂતે પોતાની ફોરવ્હીલનો કાબુ ગુમાવતા ખેડૂતની ફોરવ્હીલ રોડથી નીચે ઉતરી પલટી મારી જતા તેમને શરીરે નાની–મોટી ઈજા કરી તેમજ તેમના બહેન હેતલબેનને માથાના ભાગે ગંભીર ઈજા કરી મોત નિપજાવી અજાણ્યો ફોરવ્હીલ ચાલક પોતાની ફોરવ્હીલ લઈ નાસી ગયાની ખેડૂતે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

જોઇએ છે
પેટ્રોલ પંપ માટે ડિઝલ, પેટ્રોલ ભરી શકે તેવા ઉત્સાહી લેડીઝ / જેન્ટસ ની જરૂર છે
આર.ડી. પેટ્રોલ પંપ
એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી.
મો. ૯૭૨૬૧ ૭૭૭૭૭

અમરેલી જિલ્લામાં સર્વાધિક લોકપ્રિય દૈનિક વર્તમાનપત્ર
અમરેલી એક્સપ્રેસ ને
૧૭માં વર્ષમાં મંગલ પ્રવેશ અવસરે અમરેલીનાં સિની. એડવોકેટશ્રી આર.એસ. ખીમસુરીયા તરફથી હાર્દિક શુભકામનાઓ.
શુભચિંતક
શ્રી રમેશકુમાર એસ.ખીમસુરિયા
એડવોકેટ & નોટરી

અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર મેગાસીટીમાં થતા ફુવારા પધ્ધતિ (TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજીથી
મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર Cash-less Hospital
નીચેની તમામ કંપનીના વીમાધારકોનાં આંખનાં તમામ ઓપરેશનો જેમકે મોતિયો (ઉચ્ચ નેત્રમણી) સાથે, વેલ, ઝામર, નાસુર વગેરે તદન ફ્રી (કેશ લેસ) કરી આપવામાં આવશે.
ડો.અભિષેક ઠાકર આંખના સર્જન
ડો.સોનલબેન ઠાકર ડેન્ટલ સર્જન
ડો.હર્ષિત ઠાકર
દ્રષ્ટિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
રોયલ કોમ્પ્લેક્ષની બાજુમાં ચિત્તલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭, ૨૩૩૫૬૫

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૫૫

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Franchise Development Manager - 1 Experience : 1-2 Years
• Sales & Marketing Officer - 2 Experience : 1-2 Years
• Night Billing Executive - 2 Experience : 1-2 Years
• Reporting Manager - 2 Experience : 1-2 Years
• Junior Accountant - 1 Experience : 1-2 Years
• Trainer – 1 Experience : 1-2 Years
Location : Amreli
hrscpl1987@gmail.com
+91 95109 59957

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)